# વિદ્યાપ્રવેશ

## (શિક્ષક – પ્રશિક્ષણ મોડ્યુલ)

## 2022-23



ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર – 17, ગાંધીનગર

## પ્રેરણા

*****************

| | |
|---|---|
| **ડૉ. પી. એ. જલુ,** | **ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)** |
| **નિયામક, જીસીઈઆરટી** | **સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા** |

## માર્ગદર્શન

ડૉ. હિતેશ દવે
પ્રાચાર્ય, ડાયેટ ગાંધીનગર

વૈશાલીબેન ચાવડા
ડૉ. હરેશ ચૌધરી
ડૉ. ઇકબાલ વોરા
ચન્દ્રેશ પાલ્લીઆ

## લેખન-સંપાદન

સુચિત પ્રજાપતિ
ધર્મેશ રામાનુજ
કુલદીપસિંહ ચૌહાણ
જીજ્ઞાસા પ્રજાપતિ
અમિત શાહ
મૌલી સંખારીયા
પંકજ બારોટ
નટવરસિંહ પરમાર
સુરીલ શાહ
મેઘના ચૌહાણ

## સમીક્ષા

રશ્મિકા મોદી
ડૉ. વિશ્વજીત યાદવ

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| 1 | પ્રશિક્ષણ પાથેય | 01 |
| 2 | વિદ્યાપ્રવેશ સાહિત્ય પરિચય | 02 |
| 3 | વિદ્યાપ્રવેશ કાર્યક્રમ | 03 |
| 4 | અધ્યયન નિષ્પત્તિઓ | 06 |
| | વિકાસાત્મક ઉદ્દેશ – 1 HW | 08 |
| | વિકાસાત્મક ઉદ્દેશ – 2 EC | 10 |
| | વિકાસાત્મક ઉદ્દેશ – 3 IL | 13 |
| 5 | ભાષા અને સાક્ષરતા | 16 |
| 6 | સંખ્યાજ્ઞાન વિકાસ, પર્યાવરણીય જાગૃતિ અને વૈજ્ઞાનિક વિચાર | 22 |
| 7 | વિદ્યા પ્રવેશ કાર્યક્રમ- પ્રવૃત્તિઓ | 23 |
| 8 | શનિવારનું આયોજન | 33 |
| 9 | પ્રવૃત્તિઓની વિશેષ સમજ | 36 |
| 10 | ‘વિદ્યાપ્રવેશ’ મૂલ્યાંકન | 40 |
| પરિશિષ્ટ | પૂર્વ કસોટી / ઉત્તર કસોટી | 45 |

**પ્રશિક્ષણ પાથેય....**

NEP-2020 ના સુચારુ અમલીકરણ માટે નિપુણ ભારત મિશન અંતર્ગત પાયાના શિક્ષણ માટે ધોરણ 1 થી 3 ને અતિ મહત્ત્વ આપવામાં આવ્યું છે. શૈક્ષણિક ગુણવત્તા માટે પ્રારંભિક ધોરણથી જ બાળકોની શીખવા-શીખવવાની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત થઈ શકે તે હેતુસર ધોરણ-1ના પ્રારંભે  વિદ્યાપ્રવેશ કાર્યક્રમનું આયોજન હાથ ધરાયેલ છે.

આપણે સૌ જાણીએ છીએ તેમ બાળકોના જીવનનો પાયાનો તબક્કો તેમના વિકાસ માટે નિર્ણાયક છે તેથી ધોરણ-1ના પ્રવેશ બાદ બાળકો શાળા માટે તત્પર બને અને સારી રીતે શીખવાની શરૂઆત કરી શકાય તે હેતુસર વિદ્યાપ્રવેશ કાર્યક્રમની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. વિદ્યાપ્રવેશમાં બાળકો માટે આપેલી શીખવવાની દરેક પ્રવૃત્તિઓ પાછળ અધ્યયન નિષ્પત્તિ, વિકાસાત્મક લક્ષ્ય અને અભ્યાસક્રમનું વિષય વસ્તુ પરોક્ષ રીતે જોડાયેલ છે.

વિદ્યાપ્રવેશ કાર્યક્રમની શિક્ષક આવૃત્તિની યોગ્ય સમજ નિર્માણ કરી વર્ગમાં સુગ્રથિત રીતે આયોજન કરી શકાય તે માટે આપણે સૌ પ્રશિક્ષણના માધ્યમે મળીને કાર્ય કરવાના છીએ. ધોરણ-1ના પ્રારંભે થનાર વિદ્યાપ્રવેશ કાર્યક્રમની મોટાભાગની પ્રવૃત્તિઓ ભાષા, ગણિત અને પર્યાવરણનાં વિવિધ ક્ષેત્રોને ધ્યાને લઇ નિર્માણ થયેલી છે. આ પ્રશિક્ષણ દરમ્યાન શિક્ષક આવૃત્તિ અને વિદ્યાર્થી પ્રવૃત્તિપોથીમાં આપેલ પ્રવૃત્તિના વિવિધ પ્રકારો, સામગ્રી પદ્ધતિ અને તેની શીખવાની બાબત સાથે જોડાણની સમજ મેળવીશું.

આપે તજજ્ઞ તરીકે વર્ગમાં વિદ્યાપ્રવેશના બંને સાહિત્ય સ્વરૂપ (શિક્ષક આવૃત્તિ અને વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી)નો મોડ્યુલમાં આપેલ પ્રવિધિ મુજબ પરિચય કરાવી તેનું નિદર્શન કરાવવાનું છે. વિદ્યાપ્રવેશ કાર્યક્રમમાં આપેલ પ્રવૃત્તિઓથી મોટાભાગે તાલીમાર્થી શિક્ષક પરિચિત જ હશે પરંતુ અહીં પવૃત્તિઓના માધ્યમથી, અભ્યાસક્રમની કઇ કઇ બાબતો શીખવવાની છે તેનું ધ્યાન દોરીશું. તજજ્ઞ તરીકે વર્ગમાં શીખવવાના પ્રયાસ પર ભાર આપવાના બદલે શીખવવા માટેની વિવિધ પ્રયુક્તિઓ પર સૌની સમજ એક બને તે ભૂમિકા આપના દ્વારા નિભાવી શકાય તે અપેક્ષા સેવવામાં આવે છે.

પ્રશિક્ષણ દરમ્યાન વર્ગમાં ચર્ચા, સંવાદ, પ્રશ્નોત્તરી, વ્યક્તિગત-જોડી-જૂથ કે સમૂહ કાર્ય દ્વારા વિદ્યાપ્રવેશ કાર્યક્રમને સમજવા માટે પૂરી તક આપશો તે આશા સહ...

**ડૉ. પી. એ. જલુ.**
નિયામકશ્રી, જીસીઇઆરટી.
ગાંધીનગર

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા
ગાંધીનગર

## વિદ્યાપ્રવેશ સાહિત્ય પરિચય

વિદ્યાપ્રવેશ કાર્યક્રમમાં વર્ગમાં શિક્ષક પાસે શીખવવા માટેની પ્રવૃત્તિની સમજ માટે 'શિક્ષક આવૃત્તિ' અને વિદ્યાર્થીને શીખવા માટે 'પ્રવૃત્તિપોથી' આપવામાં આવેલ છે. વર્ગમાં પ્રવૃત્તિ કરતા સમયે શિક્ષક આવૃત્તિ અને પ્રવૃત્તિપોથી સતત હાજર હોય તે અપેક્ષિત છે. વિદ્યાપ્રવેશની આ બંને સામગ્રીનો તાલીમાર્થીને વ્યક્તિગત પરિચય મળી રહે તે માટે દરેકને 10 મિનીટ વાંચન માટે આપો આ દરમ્યાન તેઓ બંને સાહિત્યનુ વિહંગાવલોકન કરે તે અપેક્ષિત છે. તાલીમાર્થી દ્વારા વાંચન થઇ જાય તે બાદ તેઓને બંને સાહિત્યમાં કઈ-કઈ વિશેષતાઓ જણાઈ છે તેની ચર્ચા કરી નીચેની પ્રમુખ બાબતોની સમજ નિર્માણ કરો:

- બંને સાહિત્ય રંગીન કલરમાં છે
- શિક્ષક આવૃત્તિમાં દરેક પ્રવૃત્તિની સમજ આપેલ છે
- શિક્ષક દ્વારા કરવાની થતી દરેક પ્રવૃત્તિની સામગ્રી અને પદ્ધતિ આપવામાં આવેલ છે
- દરેક પ્રવૃત્તિ પાછળ તેની કઈ અધ્યયન નિષ્પત્તિનો આધાર છે તે માટે તેનો નંબર આપેલ છે.
- સપ્તાહ 3, 6 અને 10 બાદ વિદ્યાર્થીના વ્યક્તિગત મૂલ્યાંકન માટેનાં પત્રકો વિસ્તૃત વિધાન સાથે આપેલાં છે.
- પ્રવૃત્તિ કરાવતા સમયે  શિક્ષક માટે કોઈ બાબત નોંધવાની હોય તો તે માટે શિક્ષક આવૃત્તિની પાછળ 'મારી નોંધ' માટેનાં પાનાં આપેલાં છે.
- સપ્તાહના દરેક દિવસની ક્ષેત્રવાર પ્રવૃત્તિઓનું સાપ્તાહિક પત્રક આપેલ છે.
- પ્રવૃત્તિ બાદ થનાર મૂલ્યાંકનમાં શિક્ષક, વાલી અન આચાર્યની  સહી સાથેની પ્રગતિની નોંધ દરેક પાસે રહે તેવું આયોજન કરેલ છે.

વિદ્યાર્થી પ્રવૃત્તિપોથીમાં રંગપુરણી, જોડવાનું, મૂળાક્ષર પરિચય, ચિત્ર આધારિત ચર્ચા અને વાતચીત, જોડ નિર્માણ, અવલોકન, વર્ગીકરણ, કોલાઝ, આકૃતિ અને સંખ્યા પરિચય, વાર્તાક્રમ ગોઠવણી અને ભુલભુલામણી આપીને અધ્યયન નિષ્પત્તિ આધારિત સમજ નિર્માણ કરવાનું આયોજન આપેલ છે.


અહીં આપેલા QR Code માં વિદ્યાપ્રવેશની સંપૂર્ણ માહિતી આપતો વિડીયો મૂકેલ છે. જેનો ઉપયોગ વધુ અભ્યાસ અર્થે કરી શકાય.

## વિદ્યાપ્રવેશ કાર્યક્રમ

'વિદ્યાપ્રવેશ' એ ધોરણ-1 ના બાળકો માટે ત્રણ માહિનાનું રમત આધારિત શાળા તત્પરતા મોડ્યુલ છે. જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ની ભલામણો અનુસાર વિકસાવવામાં આવ્યું છે. બાળકો, ખાસ કરીને કોવિડ-19 મહામારી દરમિયાન ધોરણ-1 માં પ્રવેશ મેળવે છે ત્યારે બાળકો શાળા સાથે સરળતાથી જોડાય તેવું વાતાવરણ મળી રહે તે મુખ્ય ઉદ્દેશ્ય છે. 'વિદ્યાપ્રવેશ' તાલીમ સાહિત્યનો હેતુ આનંદદાયક, સલામત, ભાવનાત્મક સલામતી સુનિશ્ચિત કરતું અને શાળામાં અને ઘરમાં તમામ બાળકોને સહાય પૂરી પાડે તેવું પ્રેરક શૈક્ષણિક વાતાવરણ રચવાનો છે.

'વિદ્યાપ્રવેશ'નો સમયગાળો 10 અઠવાડિયાનો છે. જે માટે 'શિક્ષક આવૃત્તિ' અને 'વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી' તૈયાર કરવામાં આવી છે. શિક્ષક આવૃત્તિમાં 10 અઠવાડિયાનું સુક્ષ્મ આયોજન પ્રવૃત્તિઓ સાથે આપેલ છે. તમામ પ્રવૃત્તિઓ બાળકોની વિવિધ ક્ષમતાઓને વિકસાવવામાં મદદરૂપ બને તે મુજબની છે. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકો પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની સંકલ્પનાઓ પણ શીખશે અને કૌશલ્યો પણ વિકસાવશે. જે પ્રારંભિક ધોરણમાં શીખવા માટે મજબૂત પાયો રચવામાં અસરકારક સાબિત થશે.

વર્તમાન સમયમાં પ્રાથમિક શાળાઓમાં મોટા ભાગનાં બાળકો અધ્યયન કટોકટીમાંથી પસાર થઇ રહ્યા છે કારણ કે તેઓ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન કૌશલ્ય પ્રાપ્ત કરી શક્યાં નથી. (NEP-2020) આ સંદર્ભને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં 'મિશન મોડ'માં તાત્કાલિક પગલાં લેવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે. જેથી GCERT દ્વારા 'વિદ્યાપ્રવેશ' તાલીમ મોડ્યુલ વિકસાવવામાં આવ્યું છે. જે. NCERTની વિદ્યાપ્રવેશ માર્ગદર્શિકા પર આધારિત છે. 'વિદ્યાપ્રવેશ' એ ભારત સરકારના પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN મિશન) માટેના રાષ્ટ્રીય મિશન – નિપુણ ભારતનો એક ભાગ છે અને પૂર્વશાળા 3 (બાલવાટિકા)ના મુખ્ય કૌશલ્યોનો અને અધ્યયન નિષ્પત્તિઓ સાથે યોગ્ય રીતે સંલગ્ન છે.



વિદ્યાપ્રવેશ તાલીમ સાહિત્ય નીચેના ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે વિકસાવવામાં આવ્યું છે.

1. વિવિધ પૃષ્ઠભૂમિમાંથી ધોરણ-1માં આવતાં તમામ બાળકોમાં શાળા માટેની તત્પરતાને પ્રોત્સાહન આપવા માટે.
2. બાળકો ધોરણ-1માં સરળતાથી અનુકૂલન સાધે તેની ખાતરી કરવા માટે.
3. આનંદદાયક અને અસરકારક વાતાવરણમાં રમત આધારિત જ્ઞાન અને વિકાસની દ્રષ્ટિએ યોગ્ય શિક્ષણના અનુભવો પૂરા પાડવા જે સર્વગ્રાહી વિકાસ તરફ દોરી જાય.

અર્થાત બાળકોને જ્ઞાનાત્મક અને ભાષાકીય ક્ષમતાઓ સાથે તૈયાર કરવાં જે વાંચન, લેખન અને સંખ્યાજ્ઞાનની સમજ વિકસાવવા માટે જરૂરી છે.

**વિકાસલક્ષી ધ્યેયો**

વિદ્યાપ્રવેશ તાલીમ સાહિત્ય પાયાના વર્ષના ત્રણ વિકાસલક્ષી ધ્યેયોને અનુલક્ષીને તૈયાર કરવામાં આવ્યું છે.

1. બાળકો સારું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવે. (HW)
   - શારીરિક અને સ્નાયુ વિકાસ, સામાજિક – ભાવનાત્મક વિકાસ, પોષણ, સલામતી, સ્વચ્છતા અને આરોગ્યલક્ષી અનુભવો પૂરા પાડવા.
2. બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા (Communications) બને. (EC)
   - ભાષા અને સાક્ષરતા માટે પાયાનું નિર્માણ કરવું.
3. બાળકો સામેલ શીખનારા બને છે અને તેમના આસપાસના વાતાવરણ સાથે જોડાય. (IL)
   - સંખ્યાજ્ઞાન શીખવા માટે પાયો તૈયાર કરવો તેમજ ભૌતિક, સામાજિક અને કુદરતી વાતાવરણ સાથે સીધો અનુભવ અને આદાનપ્રદાન પૂરું પાડવું.

આ વિકાસલક્ષી ધ્યેયો એકબીજા સાથે સંકળાયેલાં છે અને બાળકોના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવા માટે જ્ઞાનાત્મક, ભાષાકીય, શારીરિક, સામાજિક - ભાવનાત્મક અને સર્જનાત્મક ક્ષમતાના વિકાસ જેવી તકો પૂરી પાડવાનો છે. શિક્ષકોએ ત્રણેય વિકાસલક્ષી ધ્યેયોની આસપાસ શિક્ષણની તકો વિકસાવવી અને તેનું આયોજન કરવું. વિદ્યાપ્રવેશની શિક્ષક આવૃત્તિ અને વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી આ ત્રણેય વિકાસલક્ષી ધ્યેય અને મુખ્ય ક્ષમતાઓને આધારે વિકસાવવામાં આવેલ છે. જે અધ્યયન નિષ્પત્તિની સિદ્ધિ તરફ દોરી જાય છે.

**સાપ્તાહિક આયોજન**

વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિમાં 10 સપ્તાહનું  સૂક્ષ્મ આયોજન આપેલ છે. આ આયોજનમાં અઠવાડિયાના છ દિવસ અને દિવસના ચાર કલાક દરમિયાન કેવી રીતે અને કયું કાર્ય કરવું તે દર્શાવવામાં આવ્યું છે. આ ચાર કલાકને સર્કલ ટાઇમ, વર્ગખંડની મુકત રમતો, ગણિત, પર્યાવરણ, સર્જનાત્મક પ્રવૃત્તિ, ભાષા, મેદાનની રમત, વાર્તા અને વિદાય જેવા વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે.

**બાળકોની પ્રગતિની નોંધ**

બાળકોનું નિયમિત નિરીક્ષણ અને મૂલ્યાંકન તેમની ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા મદદ કરે છે. બાળકોની પ્રગતિની નોંધ માટે વિદ્યાર્થી પ્રવૃત્તિપોથીમાં મૂલ્યાંકન પત્રક આપેલ છે. જેમાં ત્રીજા, છઠ્ઠા અને દસમા સપ્તાહ બાદ વિદ્યાર્થીઓની પ્રગતિની નોંધ કરવાની છે.

**નોંધ**

## અધ્યયન નિષ્પત્તિ

**અધ્યયન નિષ્પત્તિઓ એટલે શું?**

અધ્યયન નિષ્પત્તિઓ એ ઔપચારિક નિવેદનો છે જે કહે છે કે આપેલ વિષય/સંકલ્પના /અભ્યાસક્રમ શીખ્યા પછી વિદ્યાર્થી શું કરી શકે છે. જે વિદ્યાર્થીઓએ વર્ગખંડના વ્યવહારો દરમિયાન વિકસાવવી જોઇએ. 'શિક્ષક આવૃત્તિ'માં આપેલ અધ્યયન નિષ્પત્તિઓ ત્રણ વિકાસલક્ષી ધ્યેયોના આધારે બનેલી છે.

**બાળકો સારું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવે. (HW)**

- શારીરિક અને સ્નાયુ વિકાસ, સામાજિક – ભાવનાત્મક વિકાસ, પોષણ, સલામતી, સ્વચ્છતા અને આરોગ્યલક્ષી અનુભવો પૂરા પાડવા.

**બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા (Communications) બને. (EC)**

- ભાષા અને સાક્ષરતા માટે પાયાનું નિર્માણ કરવું.

**બાળકો સામેલ શીખનારા બને છે અને તેમના આસપાસના વાતાવરણ સાથે જોડાય. (IL)**

- સંખ્યાજ્ઞાન શીખવા માટે પાયો તૈયાર કરવો તેમજ ભૌતિક, સામાજિક અને કુદરતી વાતાવરણ સાથે સીધો અનુભવ અને આદાનપ્રદાન પૂરું પાડવું.

વિદ્યાપ્રવેશની શિક્ષકઆવૃત્તિમાં પર્યાવરણમાં HW 3.1 થી 5.18 સુધીની અધ્યયન નિષ્પત્તિઓ આપેલ છે. HWની મુખ્ય ક્ષમતા પણ દર્શાવેલ છે. એ ક્ષમતાઓના આધારે અધ્યયન નિષ્પત્તિઓ આપેલી છે. જેમ કે મુખ્ય ક્ષમતા સ્વ જાગૃતિ છે તો તેના આધારે HW 3.1 અધ્યયન નિષ્પત્તિ – શારીરિક લક્ષણો, જાતિ, રસ અને ગમા-અણગમાને ધ્યાનમાં રાખીને પોતાના અને બીજાઓ વિશે વાત.

ECL1 માં L1 એ પ્રથમ ભાષાનો કોડ છે જેમાં દરેક ભાષા અધ્યયન નિષ્પત્તિમાં ECL1 લખવામાં આવે છે. ECમાંપણ મુખ્ય ક્ષમતાઓ કથન અને શ્રવણ, વાંચન અને લેખન આવેલી છે. જેમાં એક ક્ષમતા મૌખિક ભાષા વિકાસ છે તો તેના આધારે એક અધ્યયન નિષ્પત્તિ ECL13.3 વાંચી સંભળાવેલ વાર્તા/કવિતા બાબતે પોતાનો અનુભવ પોતાની ભાષામાં કહે, તે વિશે મિત્રો સાથે વાતચીત કરે છે.

IL માં IL 3.1 થી 3.30 સુધીમાં 28 જેટલી અધ્યયન નિષ્પત્તિઓ આવેલી છે. જેમાં મુખ્ય ક્ષમતાઓ ઇન્દ્રિય વિકાસ, માપન, સંકલ્પના ઘડતર, બોધાત્મક કૌશલ્ય અને સંખ્યાજ્ઞાન છે. જેમકે સંખ્યાજ્ઞાન ક્ષમતા આધારિત IL 3.9 અધ્યયનમાં દસ વસ્તુઓ ગણે છે.

આમ મુખ્ય ક્ષમતાઓને ધ્યાનમાં રાખીને અધ્યયન નિષ્પત્તિઓને દર્શાવવામાં આવે છે.

અહીં આપવામાં આવેલ દરેક અધ્યયન નિષ્પત્તિઓ 'બાલવાટિકા'ની છે. પરંતુ તેનો આધાર ધોરણ–1ની શીખવાની બાબતો સાથે જોડાયેલ હોવાથી તેને વિદ્યાપ્રવેશમાં વર્ગતત્પરતાની પ્રવૃત્તિઓ માટે પસંદ કરવામાં આવેલ છે.

**ઉદાહરણ – 1 :** ECL1 1.4.6 ચિત્ર સાથે લખાણ જોડીને વાંચે છે. તે બાબત ધોરણ-1 ગુજરાતીમાં G 1.17 અધ્યયન નિષ્પત્તિમાં બંધબેસતી બાબત છે. એટલે કે અહીં કરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓ ધોરણ–1ના અભ્યાસક્રમના આધારરૂપ છે.

ટૂંકમાં IL, EC અને HWની અધ્યયન નિષ્પત્તિઓ ધોરણ-1ની દરેક અધ્યયન નિષ્પત્તિઓ સાથે બંધબેસતી હોવાથી વિદ્યાપ્રવેશમાં આ બાબત અતિઅગત્યની ગણીને વર્ગકાર્યમાં સમજ પૂર્વક ઉપયોગમાં લેવી.

**પ્રવૃત્તિ** : વર્ગની સંખ્યાના ત્રણ જૂથ પાડી તેને IL, EC અને HWની અધ્યયન નિષ્પત્તિઓ વાંચવા માટે આપવી. ધોરણ-1ની ભાષા, ગણિત અને પર્યાવરણની અધ્યયન નિષ્પત્તિઓ સાથે તે ગ્રુપને સરખાવવા માટે કહો દરેક ગ્રુપને વ્યક્તિગત રજૂઆત કરવા માટે સમય આપવો.

## વિકાસાત્મક ઉદ્દેશ 1

## બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય જળવાય

**(Health and Wellbeing = HW)**

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ | |
|---|---|---|
| • સ્વ-જાગૃતિ | HW 3.1 : | શારીરિક લક્ષણો, જાતિ, રસ, ગમા-અણગમાને ધ્યાનમા રાખીને પોતાના અને બીજાઓ વિશે વાત કરે છે. |
| • સકારાત્મક સ્વસંકલ્પના | HW 3.2 : | સગાં સંબંધીઓ સાથે વ્યક્તિગત સંબંધ વિશેની સમજ કેળવે છે. |
| • સ્વ–નિયમન | HW 3.3 : | પ્રવૃત્તિઓ મુજબ સ્વતંત્ર વિચાર સાથે જોડાય છે. |
| • નિર્ણય શક્તિ અને સમસ્યા ઉકેલ | HW 3.4 : | સાદા નિયમો અને એક સાથે અપાયેલ એક કરતાં વધુ સૂચનાને અનુસરે છે. |
| • સામાજિકતા તરફી વર્તનનો વિકાસ | HW 3.5 : | રોજિંદા સમયપત્રક દિનચર્યામાં કોઇ ફેરફાર થાય તો અનુકૂલન સાધી શકે છે. |
| • સ્વચ્છતાની જાળવણી,શૌચ, સ્વ-સુરક્ષાની સ્વાસ્થ્ય ટેવો પ્રત્યે સ્વજાગૃતિ | HW 3.6 : | બીજાએ સોંપેલ કામ પૂરું કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે. |
| | HW 3.7 : | શાબ્દિક અને અશાબ્દિક (ઇશારો, ચિત્ર દ્વારા) રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે. |
| • શારીરિક હલનચલન/ ગતિવિધિમાં સંતુલન (gross motor coordination) કૌશલ્યનો વિકાસ | HW 3.8 : | પોતાના રસ મુજબ અગ્રતાને આધારે જવાબદારીનો સ્વીકાર કરે છે. |
| | HW 3.9 : | ઝઘડાઓના ઉકેલ સૂચવી અનુકૂલન સાધે છે. |
| | HW 3.10 : | રમત અને ચર્ચા દરમિયાન બીજાના વિચારો સ્વીકારવાની તૈયારી દર્શાવે છે. |
| • આંખ-હાથ સંકલન/ તાલમેલ (eye hand coordination) અને fine motor skill કૌશલ્યનો વિકાસ | HW 3.11 : | નાની અને મોટી જૂથ પ્રવૃત્તિઓ વખતે સહપાઠીઓને જરૂરિયાત મુજબ મદદ કરે છે. |
| | HW 3.12 : | વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની વિભિન્ન જરૂરિયાતોને સ્વીકારી તે અંગે સંવેદના વ્યક્ત કરે છે. |
| | HW 3.13 : | સામાન્ય સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને શૌચ સંબંધી સારી ટેવો વિકસાવે અને અનુસરે છે તેમજ યોગ્ય આહાર લે છે. |

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|
| • વ્યક્તિગત અને સામૂહિક રમતોમાં ભાગીદારી | HW 3.14 : સારા-ખરાબ સ્પર્શ (વાલી અને શિક્ષકના માર્ગદર્શક થકી) બાબતે જાગૃત રહીને અજાણ્યાથી સલામત અંતર રાખે છે. |
| | HW 3.15 : ઘર, શાળા અને રમતના મેદાનમાં સુરક્ષા અને સાવચેતીના સામાન્ય નિયમોને અનુસરે છે. |
| | HW 3.16 : ચાલવું, દોડવું, કૂદવું, ચઢવું જેવી રોજિંદી પ્રવૃત્તિઓમાં શારીરિક હલનચલનમાં સંતુલન, નિયંત્રણ અને શક્તિ જાળવે છે. |
| | HW 3.17 : આસપાસની જગ્યામાં પ્રવૃત્તિ ઓળખે, ચકાસે, સંગીત અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી નિભાવે છે. |
| | HW 3.18a : ચોકસાઇ અને નિયંત્રણ સાથે સૂક્ષ્મ સ્નાયુ કૌશલ્ય (Fine motor skill) દર્શાવે છે. |
| | HW 3.18b : સીધી લાઇનમાં કાપવું, રેડવું, બટન ખોલ બંધ કરવા જેવાં જટિલ કામ કરે છે. |
| | HW 3.18c : લેખન, ચિત્રકામ માટે સાધન પર યોગ્ય પકડ (તર્જની/પહેલી આંગળી અને અંગુઠા વડે વસ્તુ પકડવી) સાથે સાધનનો ઉપયોગ કરે છે. |

## વિકાસાત્મક ઉદ્દેશ 2

## બાળકો અસરકારક પ્રત્યાયનકાર બને (EC)

**(Effective Communicators = EC)**

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ (પ્રથમ ભાષા) |
|---|---|
| બોલવું અને સાંભળવું | ECL1 3.1 : ઘરે તથા શાળામાં નવા મિત્રો, અપરિચિત શિક્ષકો, શાળાની અન્ય વ્યક્તિઓ, બીજા મોટાઓ સાથે પોતાની ભાષામાં વાતચીત કરે છે. |
| • સર્જનાત્મક સ્વ-અભિવ્યક્તિ અને વાતચીત | ECL1 3.2 : વાંચન કોર્નરમાંથી પુસ્તક પસંદ કરે અને ચિત્રોની મદદથી વાર્તા સમજવા પ્રયત્ન કરે, લેખિત સામગ્રી વિશે અનુમાન કરે છે. |
| • ભાષા અને સર્જનાત્મક વિચારણા | ECL1 3.3 : વાંચી સંભળાવેલ વાર્તા/કવિતા બાબતે પોતાનો અનુભવ પોતાની ભાષામાં કહે, તે વિશે મિત્રો સાથે વાતચીત કરે છે |
| • શબ્દભંડોળનો વિકાસ | ECL1 3.4 (a) : પોતાની ભાષામાં રસપ્રદ કવિતાઓ, જોડકણાં યોગ્ય ઉચ્ચાર અને આરોહ અવરોહ સાથે ગાય છે. |
| • સંવાદ અને વાતચીતનું કૌશલ્ય | ECL1 3.4 (b) : પોતાની ભાષામાં પરિચિત કવિતાઓ, જોડકણાં યોગ્ય ઉચ્ચાર સાથે અને લયબદ્ધ રીતે ગાય છે. |
| • ભાષાનો સાર્થક ઉપયોગ અને અર્થગ્રહણ સાથેનું વાચન | ECL1 3.5 (a) : પોતાને ગમતી વાર્તાનું પુસ્તક વાંચી સંભળાવવા શિક્ષકને આપે છે. |
| • પુસ્તકો સાથે જોડાણ | ECL1 3.5 (b) : ચિત્રમાંની વસ્તુઓનું ધ્યાનપૂર્વક અવલોકન કરે છે, તેના વિશે વાત કરે છે અને નવા શબ્દો પોતાની રીતે લખે છે. |
| • પ્રિન્ટ જાગૃતિ અને અર્થનિર્માણ | ECL1 3.6 (a) : પ્રિન્ટ સભાનતાની સમજ સાથે વાંચે છે. |
| • વાંચવાનો અભિનય (પ્રારંભિક વાચન) | ECL1 3.6 (b) : ઘટનાઓના ક્રમ પ્રમાણે ચિત્રો ગોઠવીને વાર્તા કહે છે. |

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ (પ્રથમ ભાષા) | |
|---|---|---|
| • ધ્વનિ જાગૃતિ | ECL1 3.7 : | પરિચિત વાર્તાઓ, કવિતાઓમાં પુનરાવર્તિત થતા ધ્વનિઓ-શબ્દો ઓળખે છે. |
| • ધ્વનિ-ચિહ્ન સહસંબંધ | ECL1 3.8 (a) : | વાર્તાઓ, કવિતાઓ અને ગીતોમાં પુનરાવર્તિત ધ્વનિઓ અને શબ્દો ઓળખે છે. |
| • અનુમાન અને પૂર્વઅનુભવોનો ઉપયોગ | ECL1 3.8 (b) : | ચિત્ર અને લખાણનો, પૂર્વાનુભવ અને માહિતીનો, અક્ષર અને ધ્વનિના અનુબંધ વગેરેનો ઉપયોગ કરીને લેખિત સામગ્રી વિશે અનુમાન કરે છે. |
| • આનંદ અને જુદા જુદા હેતુસર સ્વતંત્ર વાંચન સહેતુક લેખન | ECL1 3.9 : | પોતાનું, પોતાના મિત્રોનાં અને આસપાસની વસ્તુઓનાં નામ પોતાની રીતે લખવામાં અને લખાવવામાં રસ લે છે. |
| • પ્રારંભિક સાક્ષરતા કૌશલ્યો<br>• સ્વ અભિવ્યક્તિ માટે લેખન<br>• અક્ષર અને ધ્વનિઓ વિશેના પોતાના જ્ઞાનનો ઉપયોગ કરે, લખવા માટે જુદા જુદા અક્ષરો જોડી નવા શબ્દો બનાવે (સાર્થક કે નિરર્થક) (Inventive spelling)<br>• પરંપરાગત રીતે લખવાના પ્રયત્ન કરે<br>• ચિત્ર કે શબ્દ અને અર્થપૂર્ણ વાક્યો સાથે વાંચીને પ્રતિક્રિયા આપે<br>• પ્રાસવાળા શબ્દો લખે | | |

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ (પ્રથમ ભાષા) |
| --- | --- |
| • નામ અને ક્રિયા સૂચવતા શબ્દોનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ વાક્યો લખે<br>• મિશ્ર ભાષના સંકેતોનો ઉપયોગ કરી પોતાને અભિવ્યક્ત કરવા માટે સંદેશા લખે<br>• વર્ગખંડની પ્રવૃત્તિઓમાં અને પોતાના ઘરે જુદા જુદા હેતુઓ માટે અર્થપૂર્ણ રીતે લખે જેમકે યાદી બનાવવી, વડીલોને અભિવાદન કરવું, મિત્રોને લેખિત આમંત્રણ/સંદેશો આપે | |

**નોંધ**

## વિકાસાત્મક ઉદ્દેશ 3

## બાળકો અસરકારક પ્રત્યાયનકાર બને (IL)

**(Involved Learner = EL)**

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ | |
|---|---|---|
| ઇન્દ્રિય વિકાસ | IL 3.1 : | પર્યાવરણનું અવલોકન કરવા અને સમજવા માટે બધી ઇન્દ્રિયોનો ઉપયોગ કરે છે. |
| • દ્રષ્ટિ, અવાજ, સ્પર્શ, ગંધ, સ્વાદ | IL 3.2 : | આસપાસના પર્યાવરણ, વસ્તુઓ, અવાજ, પ્રાણી-પક્ષીની સૂક્ષ્મ/બારીક વિશેષતા નોંધે અને તેનું વર્ણન કરે છે. |
| સંકલ્પના ઘડતર | IL 3.3(a) : | એકસાથે જોયેલી 4-5 વસ્તુ યાદ રાખે અને ફરી તે જણાવી શકે |
| • રંગ, આકાર, અંતર, માપન, કદ, લંબાઇ, વજન, ઊંચાઇ, સમય | IL 3.3(b) : | પરિચિત વસ્તુના ચિત્રના 3 થી 5 ખૂટતા ભાગને ઓળખે છે. |
| • આકાર, કદ, સ્થાન, દિશા, હિલચાની સમજ | IL 3.4 : | બે જુદા જૂથની 5-6 વસ્તુઓ એક–એકની સાથે જોડે છે. |
| • એક એક સંગતતા (One to one correspondence) | IL 3.5 : | ત્રણ પરિબળો જેવાં કે આકાર, રંગ અને કદના આધારે વસ્તુઓની સરખામણી અને વર્ગીકરણ કરે છે. સ્થાનવાચક શબ્દો (બાજુમાં, અંદર, નીચે..) યોગ્ય રીતે વાપરી વસ્તુનું વર્ણન કરે છે. |
| • માપન | IL 3.6 : | આકાર, કદ, ઘટનાની સંખ્યાને આધારે 4 થી 5 વસ્તુ કે ચિત્રકાર્ડને ક્રમિક રીતે ગોઠવે છે. |
| • લંબાઇ, દળ, જથ્થો, તાપમાન | IL 3.7 : | વાર્તા કહેવાતી હોય ત્યારે ઘટનાઓનો ક્રમ સમજે છે જેમકે, ‘પહેલાં શું થયું?’ પછી શું થયું? વગેરે |
| • બોધાત્મક કૌશલ્ય | IL 3.8(a) : | સાદી સમસ્યાનો કારણ સાથે ઉકેલ આપે છે. |
| | IL 3.8(b) : | પર્યાવરણ અંગે શોધખોળ કરે (સમજે) અને તેમનો જુદી જુદી રીતે ઉપયોગ કરે, પ્રશ્નો પૂછે, શોધે અને પોતાનું મંતવ્ય ઘડે અને અનુમાન કરે છે. |
| | IL 3.8(c) : | પર્યાવરણની ચિંતાઓ (જેમકે પાણીનો બગાડ કરવો નહીં, જરૂર ન હોય ત્યારે વિજળીના સાધનો બંધ રાખવાં) બાબતે સભાનતા અને સંવેદના વ્યક્ત કરે છે. |

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|
| • અવલોકન, ઓળખ, સ્મૃતિ, જોડાણ, વર્ગીકરણ, ભાત, ક્રમિક વિચારણા, સર્જનાત્મક ચિંતન, વિવેચનાત્મક ચિંતન, સમસ્યા ઉકેલ, તાર્કિક ચિંતન, જિજ્ઞાસા, પ્રયોગશીલતા, શોધખોળ | IL 3.9 : દસ વસ્તુઓ ગણે છે. |
| સંખ્યા જ્ઞાન | IL 3.10 : કોઇ ચોક્કસ અંકથી શરૂ કરીને 9 સુધી, આગળ કે પાછળની ગણતરી કરે છે. |
| • ગણે અને કેટલા છે તે કહે | IL 3.11 : 9 સુધીના અંકોને ઓળખે અને લખે છે. |
| • સંખ્યાની ઓળખ | IL 3.12 : વસ્તુઓ સંખ્યાત્મક રીતે ઘટતી જઇ છેવટે શૂન્ય થઇ જાય છે તે સમજ અભિવ્યક્ત કરે (ઉદા. એક ડાળખી પર ત્રણ પક્ષી છે, એક પછી એક એમ ઉડી ગયાં, છેલ્લે ડાળખી પર એક પણ પક્ષી રહ્યું નહિ) |
| • 10 સુધીની ક્રમિક સંખ્યાના ક્રમની સમજ | IL 3.13 : 10 સુધીની સંખ્યા માટે બે સંખ્યા સરખાવે છે, ‘થી વધારે’ ‘થી ઓછું’ જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. |
| • આકાર | IL 3.14 : 9 સુધીની સંખ્યા માટે વસ્તુઓનાં બે જૂથ ભેગા કરે અને ફરીથી ગણે છે. |
| • દ્વિપરિમાણીય, ત્રિપરીમાણિય, સીધી લીટી, વાંકી લીટી, સપાટ અને ખરબચડી સપાટી | IL 3.15 : કોઇ જૂથમાંથી 9 સુધીની વસ્તુઓ છે અનુ ફરીથી ગણે છે. |
| • અનાજ | IL 3.20 : ભારતીય ચલણી નોટો ઓળખે છે. |

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ |
| --- | --- |
| • ભૌતિક, પાણી, હવા, ઋતુ, સૂર્ય, ચંદ્ર, દિવસ અને રાત | IL 3.21 : ત્રણ વસ્તુઓની લંબાઇને આધારે સરખામણી કરે છે. જેમકે 'સૌથી લાંબુ', 'થી લાંબુ', 'સૌથી ટૂંકું', 'થી ટૂંકું' |
| • સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર | IL 3.22 : બે વસ્તુની વજનના સંદર્ભે સરખામણી કરે છે, જેમકે, 'થી ભારે', 'થી હલકું' |
| | IL 3.23 : બોટલ, પ્યાલા, ડોલ જેવી બે વસ્તુઓની ગુંજાશની સરખામણી કરે છે.. |
| • ડેટા હેન્ડલિંગ માહિતી નિયમન | IL 3.25 : સમતલ પર દ્વિપરિમાણીય છાપને ત્રિપરિમાણીયી વસ્તુ સાથે યોગ્ય રીતે જોડે છે. |
| • તરાહ | IL 3.26 : રોજિંદા સંદર્ભમાં અડધી રોટલી, અડધું પ્યાલું પાણી એમ શબ્દોનો ઉપયોગ કરે છે. |
| • કેલેન્ડરની પ્રવૃત્તિ | IL 3.27 : પાનાં કે આંગળાં વગેરે જેવી વસ્તુઓની છાપ વડે નવી તરાહ (પેટર્ન) બનાવે છે. |
| • તકનિકીનો ઉપયોગ | IL 3.28 : આસપાસની પરિસ્થિતિઓના આધારે નિષ્કર્ષ કાઢે છે. જેમ કે, મારી પાસે લાલ કરતાં ભૂરી પેન વધારે છે. |
| • પોતે, કુટુંબ, વાહનવ્યવહાર, તહેવાર, સમાજ, સહાયકો વગેરેની સમજ | IL 3.29 : અઠવાડિયાના વાર અને વર્ષના મહિનાના નામ બોલે છે. |
| | IL 3.30 : આસપાસમાં સામાન્ય રીતે ઉપલબ્ધ તકનિકી સાધનોનો ઉપયોગ વર્ણવે છે. |

સ્રોત : NIPUN BHARAT

અમલીકરણ માર્ગદર્શિકા, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર (MoE, 2021a)

https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/

NIPUN_BHARA_GUIDELINES_EN.pdf

**સેશન શરૂ કરો તે પહેલાં 5 મિનિટ માટે નીચેની પ્રવૃત્તિ કરાવવી.**

બધાં જ શિક્ષકોને ગોળાકારમાં ઊભા રહી રેલગાડીની જેમ ગોળ ફરવા કહો. તજજ્ઞ વચ્ચે ઊભા રહી તાળી સાથે બોલશે 'શું હોય છે લાલ-લાલ?' શિક્ષકો પણ તજજ્ઞ સાથે બોલશે 'શું હોય છે લાલ-લાલ?' જ્યાં સુધી તજજ્ઞ તાળી પાડે છે ત્યાં સુધી શિક્ષકો પણ ગોળ ગોળ ફરશે. હવે તજજ્ઞ કોઈ એક શિક્ષકના માથા પર હાથ રાખીને પૂછશે કે શું હોય છે લાલ-લાલ? તે જ શિક્ષક જેટલી લાલ વસ્તુ હશે તેના નામ બોલશે. આવી રીતે તજજ્ઞ અન્ય રંગ, આકૃતિ, સ્વાદ વગેરે અંગે પૂછીને પ્રવૃત્તિ આગળ કરાવી શકે.

## ભાષા અને સાક્ષરતા તેમજ સંખ્યાજ્ઞાન

### ભાષા અને સાક્ષરતા

**જૂથકાર્ય અને રજૂઆત:**

**તમારા મતે સાક્ષરતા એટલે શું? તેમાં શેનો શેનો સમાવેશ થાય છે? તેમાંથી સૌથી મહત્ત્વની બાબત કઈ છે?**

સાક્ષરતા એટલે માત્ર વાંચવા અને લખવાની ક્ષમતા માત્ર નહીં. તેમાં જે વાંચવામાં અને બોલવામાં આવે છે તેનો અર્થ બનાવવા માટે તેમજ વિવેચનાત્મક રીતે વિચારવા અને પોતાને અસરકારક રીતે વ્યક્ત કરવા માટેનાં જરૂરી કૌશલ્યો અને ક્ષમતાઓનો સાક્ષરતામાં સમાવેશ થાય છે. બાળકો જયારે શાળામાં આવે છે ત્યારે ભાષાનાં વિવિધ કૌશલ્યો અને અનુભવો જેમ કે વાતચીતમાં હાવભાવનો ઉપયોગ, શબ્દભંડોળ, વાક્યો, આસપાસની દુનિયા સમજવા માટે ભાષાનો ઉપયોગ વગેરે સાથે આવે છે.




Source - Organization for Early Literacy Promotion ( OELP)

પાયાની ભાષા અને સાક્ષરતાનાં મુખ્ય ત્રણ કૌશલ્યો છે.

1. મૌખિક ભાષા વિકાસ (શ્રવણ અને કથન)

2. વાચન

3. લેખન

- **મૌખિક ભાષા વિકાસ**

**જૂથકાર્ય અને રજૂઆત:**

1) **બાળકો શ્રવણ અને કથન શીખીને આવે છે તો મૌખિક ભાષા વિકાસ પર કાર્ય કરવું કેમ જરૂરી છે?**

2) **મૌખિક ભાષા વિકાસમાં શેનો શેનો સમાવેશ થાય છે?**

બાળકો વાંચતાં અને લખતાં શીખે તે પહેલાં સાંભળીને અને બોલીને ભાષા શીખે છે. મૌખિક ભાષા વિકાસમાં માત્ર શ્રવણ અને કથન નહીં પરંતુ સાંભળીને સમજવું અને પ્રતિક્રિયા આપવી, તર્ક કરવો, વિચાર કરવો, પોતાની વાત કહેવી, પ્રશ્ન પૂછવો, શબ્દભંડોળ વિકસાવવું વગેરેનો પણ સમાવેશ થાય છે.

- **ઉભરતા વાચનનો વિકાસ**

**સામૂહિક પ્રશ્નોત્તરી:**

**રોહિત ત્રણ વર્ષનો છે. તે દરરોજ તેના ઘરના સભ્યોને વાંચતા લખતા જુએ છે. તે તેના ભાઈનું પુસ્તક સીધું પકડે છે અને પાનાં પલટાવે છે. તે ચિત્રો જુએ છે. તેના વિશે વાત કરે છે. તે વાંચતો હોય તેવો ડોળ કરે છે. તે ઉપરાંત તે તેના ભાઈની પેન લઈ લીટા કરે છે. કંઈક દોરવાનો પ્રત્યત્ન કરે છે અને તેના વિશે વાત કરે છે.**

**શું ત્રણ થી પાંચ વર્ષના બાળકોનું આવું વર્તન તમે જોયું છે?**

**આ સિવાય ઉભરતા વાંચન અને લેખનના સંદર્ભમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?**

જયારે બાળકો વાચન વિકાસ માટે તૈયાર થાય ત્યારે તેમને છાપેલ સામગ્રી (પુસ્તક, પોસ્ટર, કાર્ડ) કેવી હોય છે, તે ધ્વનિ સાથે જોડાયેલ હોય છે અને છાપેલ સામગ્રીનો અર્થ છે તેની સમજ આપવી જરૂરી છે.

- **પ્રિન્ટ જાગૃતિ**

છાપેલ સામગ્રીને વાંચી અને બોલી શકાય છે.

લેખન અર્થપૂર્ણ હોય છે.

છાપેલ સામગ્રીમાં તે જ શબ્દોનો ઉપયોગ થાય છે જેને આપણે સાંભળીએ છીએ.



વાક્ય અને શબ્દ પ્રિન્ટનો એક હિસ્સો છે.

મૌખિક અને લેખિત ભાષામાં ઘનિષ્ઠ સબંધ હોય છે..

બોલાયેલ ભાષા વાક્યો અને શબ્દોથી બનેલી હોય છે..

- **ધ્વનિ જાગૃતિ**

ભાષા એ ધ્વનિ, અક્ષરો, શબ્દો, પ્રાસ અને વાક્યોની બનેલી છે તેની ઓળખ એટલે ધ્વનિ જાગૃતિ. ધ્વનિ જાગૃતિમાં બાળકની દરેક ધ્વનિ સાંભળીને ઓળખવાની, અલગ કરવાની અને મિશ્ર કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. આ ક્ષમતા મૌખિક ભાષામાં જ વિકસે છે. ધ્વનિ જાગૃતિ માટે બાળકે દરેક મૂળાક્ષરને ઓળખવાની કે તેને ચિહ્ન સાથે જોડવાની જરૂર નથી.

- **ઉભરતા લેખનનો વિકાસ**

બાળકો તેમની આસપાસના ભૌતિક અને સામાજિક વિશ્વનું પ્રતિનિધિત્વ કરવા માટે આડાઅવળા લીટા કરે છે, દોરે છે અને આગવી જોડણીવાળા શબ્દો લખે છે ત્યારે લેખન શરૂ થાય છે. લેખન કૌશલ્યના આ તબક્કાને ઉભરતું લેખન કહેવાય છે.

- **પાયાની ભાષા અને સાક્ષરતા  કૌશલ્યોના વિકાસને ટેકો આપતી વ્યૂહરચનાઓ**

વર્ગખંડમાં વિવિધ શીખવા – શીખવવાની નીચેના જેવી વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને બાળકોના ભાષા અને સાક્ષરતા કૌશલ્યોને ટેકો આપી શકાય અને વિકસિત કરી શકાય છે.

- **વાર્તા કથન**
- **રોલ પ્લે  અથવા વાર્તાનું નાટયીકરણ કરવું:**
- **આદર્શ વાચન**
    - વાચન દરમિયાન, શિક્ષક આંગળીને શબ્દોની નીચે ડાબેથી જમણી બાજુ ફેરવતા જઈ, અલ્પવિરામ અને પૂર્ણવિરામ પર રોકાઈ જઈ અને પ્રશ્નાર્થ ચિહ્ન તરફ બાળકોનું ધ્યાન દોરી આદર્શ વાંચન કરે છે.
    - શિક્ષક પુસ્તકનો ઉપયોગ કેવી રીતે કરવો, વાક્ય કેવી રીતે વાંચવું અને લેખનનાં વિવિધ સાધનોનો ઉપયોગ કરી કેવી રીતે લખવું તેનું નિદર્શન કરે છે.
- **સામૂહિક વાંચન**

આપેલી લિંકનો વિડીયો બતાવી પ્રશ્નોત્તરી કરવી.

https://www.youtube.com/watch?v=yWqlam_d7rU

1. શિક્ષકની ભૂમિકા વિશે ચર્ચા કરો.
2. શિક્ષક બાળકોને કેવા પ્રકારના પ્રશ્નો પૂછે છે?
3. શિક્ષક બાળકોને વાંચન માટે કેવી રીતે પ્રોત્સાહિત કરે છે?

'સામૂહિક વાચન' માં, શિક્ષક અને બાળકો બંને લેખિત સામગ્રી એક સાથે વાંચે છે.

- **માર્ગદર્શિત વાંચન**

માર્ગદર્શિત વાંચનમાં, બાળકો વાંચે છે જ્યારે શિક્ષક સહયોગ આપે છે.

- **સ્વતંત્ર વાંચન**

સ્વતંત્ર રીતે વાંચવાની તકો, બાળકોને મૌન વાચન અને વાચન અર્થગ્રહણ વિકસાવવામાં મદદ કરે છે.

- **ચિત્ર વાંચન**

**આપેલી લિંકનો વિડીયો બતાવી પ્રશ્નોત્તરી કરવી.**

**https://www.youtube.com/watch?v=RpE8q4-ZJec**

1) **ચિત્રવાંચન માટે કેવા પ્રશ્નો પૂછી શકાય?**
2) **શિક્ષકની ભૂમિકા વિશે કહો.**
3) **વિડીયોમાં બતાવેલ ચિત્રવાંચનની પ્રક્રિયા વિશે કહો.**

બાળકોને ચિત્રો અને વાર્તાના પુસ્તકોમાંથી ચિત્રો વાંચવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

- **આદર્શ લેખન**

આદર્શ લેખન એ બાળકો માટે લખવાની પ્રક્રિયા છે. આમાં શિક્ષક બાળકોને પૂછે છે કે તેઓએ શું લખ્યું અથવા દોર્યું છે, અને પછી શિક્ષક તેની નીચે અથવા તેમના લખાણની બાજુમાં લખે છે.

- **સામૂહિક લેખન**

'સામૂહિક લેખન' માં, શિક્ષક અને બાળકો આપેલ પ્રક્રિયાને અનુસરીને એક સાથે લેખિત સામગ્રી બનાવે છે.

બાળકો નક્કી કરે છે કે તેઓ શું લખવા માંગે છે અને શિક્ષક તેને બોર્ડ પર અથવા મોટા પોસ્ટર પર લખી શકે છે. સામૂહિક લેખન પ્રવૃત્તિનો ઉપયોગ વાર્તા લખવા, યાદી બનાવવા, કોઈ ઘટના કે તહેવારનું વર્ણન કરવા માટે કરી શકાય છે.

- **સ્વતંત્ર લેખન**

અન્ય ઉભરતી સાક્ષરતામાં પ્રાપ્ત કૌશલ્યો અને જ્ઞાન પરથી બાળકો શરૂઆતથી અંત સુધી તેમનું પોતાનું લખાણ લખે છે. શિક્ષક તક, સાહિત્ય અને લખવાની પ્રેરણા પૂરી પાડે છે. શિક્ષક બાળકોને તેમનાં રેખાંકનો અથવા લખાણો વિશે પૂછી શકે છે, અને જો જરૂરી હોય તો સૂચનો ઉમેરે છે. આ અનુભવોમાં, શિક્ષકો બાળકોને વિવિધ સ્તરે જરૂરિયાત અનુસાર નિદર્શન અને મદદ કરી શકે છે.

- **સંખ્યાજ્ઞાન વિકાસ, પર્યાવરણીય જાગૃતિ અને વૈજ્ઞાનિક વિચાર**
- **સંખ્યાજ્ઞાન વિકાસ માટેની પ્રવૃત્તિઓ**

સંખ્યાજ્ઞાનમાં જટિલ સામાજિક માળખાંમાં રોજીંદા જીવનની જરૂરિયાત પૂરી કરવા અને સમસ્યા ઉકેલવા માટે ગાણિતિક સમજ અને કૌશલ્યોનો ઉપયોગ કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. આ ક્ષમતાઓ પ્રાપ્ત કરવા માટે એક બાળક વિચારવા, ગાણિતિક રીતે વાતચીત કરવા, માહિતીનું અર્થઘટન કરવા માટે, સ્થળલક્ષી જાગૃતિ, પેટર્ન અને ક્રમિકતા સમજવા માટે અને ગાણિતિક પરિસ્થિતિઓને ઓળખવા માટે સમસ્યાઓ ઉકેલવા માટે તર્કનો ઉપયોગ કરવા સક્ષમ હોવો જોઈએ. બાળકોએ પણ મહત્ત્વના વિચાર અને તર્ક કૌશલ્યો વિકસાવવા જોઈએ. આ કૌશલ્યોમાં સમસ્યા ઉકેલ, તર્ક, પ્રત્યાયન, જોડાણો અને પ્રતિનિધિત્વનો સમાવેશ થાય છે. બાળકો વસ્તુઓની ગણતરી શરૂ કરે અથવા સંખ્યાઓની સમજણ વિકસાવે તે પહેલા, સંખ્યાઓને વર્ગીકૃત કરવા, ક્રમ આપવા માટે, એક-એક સંગતતા કરી શકવા માટે અને સંખ્યાના નામ કહી શકવા માટે સક્ષમ હોવા જોઈએ. તેથી તે જરૂરી છે કે બાળકો જોડવું, અલગ પાડવું, વર્ગીકરણ કરવું, ક્રમ આપવો, ગોઠવવું, નક્કર સામગ્રીનો ઉપયોગ કરી પેટર્ન બનાવવી અને કાર્ડથી રમવા વગેરે માટે સક્ષમ હોવા જોઈએ. ગણવાની પ્રક્રિયાનો બાળકોને અર્થપૂર્ણ

ગણતરીમાં સામેલ પરિચય કરાવવો જેમ કે બચેલા કાર્ડની ગણતરી, કેટલા બાળકો હાજર છે તેની ગણતરી, જોડકણાં અને વાર્તાઓ દ્વારા ગણતરી, વગેરે.

# વિદ્યા પ્રવેશ કાર્યક્રમ

**પ્રસ્તાવનાઃ**

વિદ્યા પ્રવેશ કાર્યક્રમમાં દરેક સપ્તાહનું દિવસવાર આયોજન આપવામાં આવેલ છે. જેમાં દિવસને નીચે મુજબનાં આઠ ક્ષેત્રોમાં વહેંચવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| 1. | સર્કલ ટાઇમ | -15 મિનિટ |
| 2. | વર્ગખંડની મુકત રમત | -40 મિનિટ |
| 3. | ગણિત પર્યાવરણ - સર્જનાત્મક પ્રવૃત્તિ | - 30 મિનિટ |
| 4. | સર્જનાત્મક પ્રવૃત્તિ | -20 મિનિટ |
| 5. | ભાષા | - 20 મિનિટ |
| 6. | મેદાનની રમત | - 40 મિનિટ |
| 7. | વાર્તા | - 30 મિનિટ |
| 8. | વિદાય | - 15 મિનિટ |
| | - | કુલ 220 મિનિટ |

તમે ધ્યાન આપ્શો તો જણાશે કે બાળ વિકાસનાં મુખ્ય કૌશલ્યો જેમ કે ભાષા, સંખ્યાજ્ઞાન, પર્યાવરણ જાગૃતિ, સર્જનાત્મકતા અને શારિરીક કૌશલ્યો પર દરરોજ કાર્ય થાય છે.

**તજજ્ઞ માટેની સૂચનાઃ**

- આ સેશન સપ્તાહ - 2 ના પ્રથમ દિવસનું વિવરણ આપવામાં આવેલ છે. જે અંતર્ગત જે-તે ક્ષેત્રની સમજ અને તે અંતર્ગત આવતી પ્રવૃત્તિ કેવી રીતે કરવી તેની પદ્ધતિ અને ધ્યાનમાં રાખવાની બાબતો પણ આપેલ છે.
- તજજ્ઞને આ સત્રમાં શિક્ષક જેમ વર્ગમાં બાળકો સાથે કાર્ય કરે છે તેવી રીતે સપ્તાહ-2 ના દિવસની આપેલ પ્રવૃત્તિઓનું નિર્દેશન કરશે અને ત્યાર બાદ તાલીમાર્થીઓ સાથે જે-તે પ્રવૃત્તિઓનું સંકલન પણ કરવું.
- તજજ્ઞએ પ્રવૃત્તિ માટે જરૂરી સાધન સામગ્રી જેવી કે ક્રેયોન રંગો, લાંબી લાકડી, વાર્તાની ચોપડીઓ (વાચન કોર્નર માટે) વગેરે પૂર્વ તૈયારીના ભાગ રુપે સાથે રાખવી.
- આપેલ દિવસની પ્રવૃત્તિઓનું નિર્દેશન કરતી વખતે અન્ય દિવસો અને પ્રવૃત્તિના સંદર્ભમાં શું તૈયારી અને કામગીરી કરવી તે અંગે પણ ચર્ચા કરવી.

- જરુર જણાયે તજજ્ઞ તાલીમાર્થીઓમાંથી પણ કોઇને નિદર્શનની તક આપી શકે જેમ કે જોડકણું કરાવવાની પ્રવૃત્તિમાં, વાર્તાકથનમાં તાલીમાર્થીઓમાંથી કોઇને નિદર્શન કરવા જણાવી શકે.

## એક પૂરા દિવસની તાલીમ અને સમજ

**સપ્તાહ-2 દિવસ-1**

**સર્કલ ટાઇમ -** **સમય 15 મિનિટ**

સર્કલ ટાઇમ દિવસની શરુઆતમાં શિક્ષક દ્વારા કરવામાં આવે છે. આમાં શિક્ષકે બાળકોને આવકારવાનાં છે. તેમને આવકારવા માટે વાતચીત શરુ કરવી. સર્કલ ટાઇમ દરમિયાન બાળકો એક વર્તુળ કે અર્ધવર્તુળમાં બેસે છે અને તે સૌને મુકત રીતે બોલવાનો અવસર મળે છે. સર્કલ ટાઇમમાં શિક્ષક વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે તાળી પાડવી, હાથ મિલાવી હાજરી પણ લઇ શકે છે.

**પ્રવૃત્તિ –**

- તમામ તાલીમાર્થીઓ એક બીજા સાથે હાથ મિલાવશે.
- તાલીમાર્થીઓને હાથ અને પગની હળવી કસરત કરાવવી.

**હેતુ -** એક બીજાનો પરિચય મેળવે અને આત્મીયતા કેળવે. દિવસની શરુઆત હકારાત્મક ઉર્જા સાથે થાય.

**જરુરી પૂર્વ તૈયારીઃ** આ પ્રવૃત્તિ માટે શિક્ષકે હાથ મિલાવવાની વિવિધ રીતો અને પ્રવૃત્તિઓની યાદી બનાવવી. જેમ કે બાળકો હાથ મિલાવે, હાથ-મિલાવી પરસ્પર થોડી વાતચીત કરે વગેરે, પ્રવૃત્તિમાં જરુરિયાત મુજબ પૂર્વ તૈયારી તરીકે જરૂરી સામગ્રી સાથે રાખવી.

**પદ્ધતિ**

- તજજ્ઞ તાલીમાર્થીઓને એક બીજાના હાથ પકડવાનું કહેશે. પોતે પણ સામેલ થશે અને હાથ પકડેલા રાખી વર્તુળ બનાવવા કહેશે. પછી તાલીમાર્થી હાથ છોડી તેમની જગ્યા પર ઉભા રહેશે. આમ તાલીમાર્થી વર્તુળાકારે ઉભા રહેશે.
- ત્યારબાદ તજજ્ઞ કોઇ એક તાલીમાર્થી સાથે હાથ મિલાવશે અને બાકી તાલીમાર્થી તેમની બાજુમાં (જમણે / ડાબે) ઉભેલા તાલીમાર્થી સાથે હાથ મિલાવશે.
- ત્યારબાદ તજજ્ઞ તાલીમાર્થી સાથે હાથ-પગની હળવી કસરતો કરાવશે. જેમ કે કાંડાનું ભ્રમણ(રોટેશન), હથેળીઓ ઘસી આંખો પર મૂકવી, બંને હાથ એક સાથે ફેરવવા)સવળા-અવળા), ધુંટણનું રોટેશન, એક જગ્યા પર કૂદવું, પગની આંગળીઓ પર ઉભા રહેવું વગેરે.

- આવી રીતે અઠવાડિયા દરમિયાન દરરોજ હાથ મિલાવવાની અને હાથ પગની અલગ અલગ કસરતો કરાવવી જેમાં બાળકોને મજા પડે.

**તજજ્ઞ દ્વારા સંકલન**

- શિક્ષકે બાળકોને આવકારવાં અને નામથી બોલાવવાં.
- દરેક બાળકોને બોલવાની અને પોતાની વાત રજૂ કરવાની તક આપવી જોઇએ.
- બાળકોને વર્તુળ કે અર્ધવર્તુળમાં બેસાડવાં જેથી બાળકો એકબીજાને જોઇ શકે.
- દરેક બાળકની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી.

**વર્ગખંડની મુકત રમત** **સમય 40 મિનિટ**

**મુક્ત રમત અને તેની જરૂરિયાત**

મુક્ત રમતમાં બાળકોને જુદા જુદા પ્રકારના પ્રવૃત્તિ કોર્નરમાં જઇ પોતાની ઇચ્છા અનુસાર અલગ અલગ રમત રમવાનો, સામગ્રી પસંદ કરવાનો અને નિર્ણય લેવાનો અવસર મળે છે. આ પ્રવૃત્તિ દ્વારા બીજાના અધિકારો અને ર્દષ્ટિકોણને સમજવામાં મદદ મળે છે. મુક્ત રમત બાળકોને પોતાની ભાવના સમજવા અને વ્યકત કરવામાં મદદ કરે છે. આ દરમિયાન અન્ય સાથે રમકડાંની આપ-લે કરી ઉપયોગ કરવો, પોતાનો વારો આવે તે માટે રાહ જોવી અને વાતચીત જેવાં સામાજીક કૌશલ્યો પણ શીખે છે. અલગ-અલગ પ્રવૃત્તિ ખૂણાઓમાં જુદા-જુદા પ્રકારની સામગ્રી રાખવામાં આવે છે. જેનાથી બાળકો આ સામગ્રીને ઓળખે (જાણે) અને તેની લાક્ષણિકતાઓ સમજવાનો અવસર મળે છે.

આ પ્રવૃત્તિઓ શિક્ષકોને બાળકોના વ્યવહારનું અવલોકન કરવા, બધાં બાળકો શાળામાં આવે ત્યાં સુધી વ્યસત રાખવા અને જુદા જુદા વય જૂથનાં બાળકોને સંભાળવામાં મદદ મળે છે.

**વર્ગખંડમાં મુકત રમત માટેની તૈયારી**

વર્ગખંડમાં રમવા અને શીખવા માટે પ્રવૃત્તિ કોર્નર સારી રીતે ગોઠવાયેલા હોવા જોઇએ. આ પ્રવૃત્તિ કોર્નરની દેખભાળ માટે વર્ગના દરેક ભાગમાંથી શિક્ષક પ્રવૃત્તિ ખૂણાને જોઇ શકે તેવી જગ્યા પસંદ કરવી. આનાથી શિક્ષક ધ્યાન રાખી શકશે કે દરેક બાળક રમતી વખતે સુરક્ષિત છે. જો વર્ગમાં જગ્યા ઓછી હોય તો પ્રવૃત્તિ કોર્નરને રોટેશન પ્રમાણે ગોઠવી શકાય. જેથી બાળકોને દરેક પ્રકારના કોર્નરનો ઉપયોગ કરવાની તક મળે.

**મુક્ત રમત માટે ધ્યાનમાં રાખવાની બાબતો**

- બાળકોને પ્રવૃત્તિ કોર્નર પસંદ કરવામાં મદદ કરવી, જયાં તેઓ જવા ઇચ્છે છે.
- બાળકોને દરેક પ્રવૃત્તિ કોર્નર વિશે વાત કરવી અને તેમની મનપસંદ પ્રવૃત્તિઓ વિશે પ્રશ્ન પૂછવા.
- દરેક પ્રવૃત્તિ કોર્નરમાં ફરવું, બાળકો સાથે વાતચીત કરવી અને બાળકોનું અવલોકન કરવું.
- રમત રમી લીધા પછી બાળકોને દરેક સમગ્રી તેની નકકી કરેલ જગ્યા પર મૂકતાં શીખવવું.
- જે તે અઠવાડિયાની થીમ/પ્રવૃત્તિ પ્રમાણેનો કોર્નર આગઉથી તૈયાર કરવો.

**આજની મુક્ત રમત - ચિત્રવાર્તાની ચોપડીઓ બાળકોને આપવી અને તેમને ગમતી ચોપડી જાતે પસંદ કરવા દઇ અવલોકન કરવું.**

**પદ્ધતિ -**

- તજજ્ઞએ તાલીમાર્થીઓને ચિત્રવાર્તા ચોપડીઓ મુકેલ કોર્નરની મુલાકાત લેવા જણાવવું.
- તેમાંથી તાલીમાર્થીને પોતાને ગમતી એક ચિત્રવાર્તા પસંદ કરવા દઇ તેનું અવલોકન કરવા કહેવું.
- અંતે શિક્ષક બધા તાલીમાર્થી સાથે તેમણે ચોપડીમાં શું જોયું, શું સૌથી વધુ ગમ્યું તેના વિશે પૂછશે.

**નોંધ** - જો વર્ગમાં પુસ્તકોની સંખ્યા બાળકો કરતાં ઓછી હોય તો બે બાળકો વચ્ચે એક પુસ્તક આપી શકાય.

**તજજ્ઞ દ્વારા સંકલન**

- શિક્ષકે બાળકો વિવિધ પ્રવૃત્તિઓ કરી શકે તેવા પ્રકારના પ્રવૃત્તિ કોર્નર ઉભા કરવા. જેમ કે વાંચન કોર્નર, ગણિત કોર્નર, રમકડાં કોર્નર વગેરે.
- આ પ્રવૃત્તિ દરમિયાન શિક્ષકે બાળકો જેમ રમે છે તેમ પોતાની રીતે રમવા દેવાં. અને અવલોકન કરવું. જરુર જણાય તો મદદ કરવી.
- દરેક અઠવાડિયાની થીમ પ્રમાણે પ્રવૃત્તિ કોર્નર તૈયાર કરવા.

**ગણિત, પર્યાવરણ** **સમય - 30 મિનિટ**

ગણિત (સંખ્યાજ્ઞાન) અંતર્ગત આકારોની ઓળખ, રંગોની ઓળખ, સ્થળલક્ષી સમજ, અંક ઓળખવા, પેટર્ન (તરાહ) ઓળખવી અને બનાવવી વગેરે શરુઆતના ધોરણોમાં બાળકોને શીખવવાં જરુરી છે. આ બધી સંકલ્પનાઓની સમજ હોવાના કારણે બાળકો રોજીંદા કાર્યોમાં ભાગ લઇ શકશે. જેમ કે દુકાનમાંથી ખરીદી કરવી, ગણતરી કરવી, વસ્તુઓને માપવી, વસ્તુનું સ્થાન સમજવું વગેરે.

બાળકો વસ્તુઓ ગણવાની શરુ કરે અને સંખ્યાની સમજ વિકસિત કરે તે પહેલાં વર્ગીકરણ કરવું, ક્રમ આપવો, એક-એકની સંગતતા સમજવી અને સંખ્યાનું નામ ઓળખવામાં સક્ષમ હોય તે મહત્ત્વપૂર્ણ છે.

પર્યાવરણ જાગૃતિથી બાળકો પોતાની આસપાસના વાતાવરણને સમજી શકશે. બાળકો પોતાની આસપાસની દુનિયા જોવા અને તેની સાથે જોડાવાની સ્વભાવિક જિજ્ઞાસા સાથે જન્મે છે. જ્યારે તેઓ મોટાઓ સાથે વાતચીત કરે અથવા આસપાસના પર્યાવરણ સાથે જોડાવાની પ્રવૃત્તિઓ કરે છે, ત્યારે તેમનું પ્રારંભિક શિક્ષણ સઘન બને છે.

**પ્રવૃત્તિ – 1**

**વ્યવસાયકારોનો પરિચય.**

**સામગ્રીઃ** વ્યવસાયકારોનાં ચિત્રો

**પધ્ધતિઃ** શિક્ષક બાળકોને જુદા જુદા વ્યવસાયકારોનાં નામ આપશે. દરેક શું શું કાર્ય કરે છે અને આપણને કેવી રીતે ઉપયોગી છે તે બોલવા કહેશે. દા.ત. ટપાલી, દરજી, કુંભાર વગેરે.

**કારીગરોનાં જોડકણાં**

**સામગ્રીઃ** જોડકણાંની અંદર આવતા કારીગરોનાં સાધનો / ચિત્રો

**પદ્ધતિઃ**

- મોડ્યુલમાં આપેલ જોડકણાંનું ગાન તજજ્ઞ કરાવશે.
- ત્યારબાદ તે જ જોડકણાંનું શિક્ષકો સમક્ષ સામગ્રી (કારીગરોના સાધનો)નો ઉપયોગ કરી અભિનય સાથે ગાન કરી બતાવશે અને તાલીમાર્થી પાસે પણ અભિનય કરાવશે.

**નોંધ** - તજજ્ઞ વ્યવસાયકારોનાં અન્ય જોડકણાં / ગીત પણ મેળવી ગાઇ શકે. (જામ્યો કારીગરનો મેળો...)

**જુઓ અને કહો.**

**સામગ્રીઃ** રસોડામાં વપરાતાં શાકભાજી / ફળો

**પદ્ધતિઃ**

- તાલીમાર્થીઓને અર્ધવર્તુળમાં બેસાડો. તેમને થોડી મિનિટો માટે શાકભાજી / ફળો બતાવીને ઢાંકી દેવાં.
- હવે તેમણે શું જોયું તે યાદ કરવા કહો. શિક્ષકો બતાવેલ શાકભાજી / ફળોનાં નામ બોલશે.

**તજજ્ઞ દ્વારા સંકલન**

- શિક્ષકે જરુર જણાય ત્યાં અને શકય હોય ત્યાં સાધન-સામગ્રી જેવી કે ચિત્રો, ઓજારો, વસ્તુઓ, શાકભાજી-ફળોનો ઉપયોગ કરવો.
- દરેક બાળકોને પોતાના અનુભવો વ્યકત કરવાની તક આપવી.
- અભિનય સમયે દરેક બાળકો તેમાં સક્રિય ભાગીદારી નોંધાવે તે સુનિશ્ચિત કરવું.

**સર્જનાત્મક પ્રવૃત્તિ** **સમય - 30 મિનિટ**

માટીકામ, રંગપૂરણી, મ્હોરાં બનાવવાં, કાગળ કામ, કોલાઝ વર્ક, સ્પ્રે પેન્ટિંગ, છાપકામ, વગેરે બાળકોની સર્જનાત્મકતામાં વધારો કરવામાં મદદ કરે છે. આ પ્રવૃત્તિઓ બાળકોને તેમની ભાવનાઓ વ્યક્ત કરવાની તકો આપે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓથી બાળકોમાં માંસપેશી કૌશલ્યો પણ વિકસિત થાય છે. આનાથી તેમને એ સમજ વિકસશે કે વાસ્તવિક જીવનની વસ્તુઓ અને ઘટનાઓને વિભિન્ન રીતે રજૂ કરી શકાય છે.

**પ્રવૃત્તિ 2 - રંગપૂરણી - વર્કશીટ-1**

**સામગ્રીઃ** ક્રેયોન કલર

- શિક્ષક બાળકોને તેમની વર્કબુકમાં આપેલ વર્કશીટ ક્રમાંક-1માં રંગપૂરણી કરવા કહેશે.
- રંગપૂરણી કરી લીધા બાદ શિક્ષક તે ઓજારોનો વ્યવસાયકારોના સંદર્ભમાં પરિચય આપશે અને બાળકો સાથે વાતચીત કરશે.

- શિક્ષક બાળકો સાથે તે વ્યવસાયકારો સાથેના અનુભવો પણ જણાવવા કહી શકે.
- શિક્ષક બાળકોને અગાઉ ગાયેલ જોડકણાં સાથે પણ ઓજારોને જોડવા કહી શકે.

**તજજ્ઞ દ્વારા સંકલન**

- બાળકોએ કરેલ સર્જનાત્મક પ્રવૃત્તિ જેવી કે રંગપૂરણી જેવી કે રંગપૂરણી, કલરકામ, કાગળકામ વિશે ચર્ચા / વાતચીત કરવી.
- બાળકોએ કરેલ સર્જનાત્મક પ્રવૃત્તિને અગાઉ થઇ ગયેલ પ્રવૃત્તિઓ સાથે જોડવી.
- બાળકોને રંગપૂરણી કરાવતી વખતે શિક્ષકે અવલોકન કરવું તેમજ જરુર જણાયે માર્ગદર્શન કરવું.
- બાળકોને સર્જનાત્મક પ્રવૃત્તિ મુક્ત રીતે કરવા દેવી અને જે કરે તેનો શિક્ષકે સ્વીકાર કરવો.

**ભાષા** **સમય - ૨૦ મિનિટ**

વિદ્યા પ્રવેશ અંતર્ગત ભાષા તેમજ સાક્ષરતા કૌશલ્ય માટે વર્ગમાં મૌખિક ભાષા, ધ્વનિ જાગૃતિ, પ્રિન્ટ જાગૃતિ, વાચન અને લેખન સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ કરવી જોઇએ. બાળકોને પોતાની ઘરની ભાષામાં બોલવાની તકો મળવી જોઇએ. વર્ગમાં ભાષા તેમજ સાક્ષરતા કૌશલ્યના વિકાસ માટે પ્રિન્ટ સમૃદ્ધ વાતાવરણ હોવું જરુરી છે.

**પ્રવૃત્તિ 3 - જોડકણું**

**પદ્ધતિઃ**

- તજજ્ઞ શિક્ષક આવૃત્તિમાં આપેલ જોડકણાંનું ગાન કરશે.
- ત્યારબાદ જોડકણાંમાં આવતા પ્રાસવાળા શબ્દો 'એટલે-કેટલે', 'દીઠો-મીઠો' ની ઓળખ કરાવશે.
- આવા બીજા પ્રાસવાળા શબ્દોનાં ઉદાહરણ આપી તાલીમાર્થીઓને પ્રાસવાળા શબ્દોની ઓળખ કરાવશે અને સમજ આપશે.

**નોંધ -** આગળ જતાં શિક્ષક બાળકો પાસે જોડકણાંના આધારે પ્રાસવાળા શબ્દો બનાવી શકે.

**તજજ્ઞનું સંકલનઃ**

- બાળકોને પોતાની ઘરની ભાષામાં બોલવાની છૂટ આપવી અને તેનો સ્વીકાર કરવો.
- બાળકો માટે વર્ગખંડમાં પ્રિન્ટ સમૃદ્ધ વાતાવરણ બનાવવું.
- બાળકો જોડકણાં ગાનમાં જોડાય તે સુનિશ્ચિત કરવું.
- શિક્ષકે પ્રાસવાળા શબ્દો આવતા હોય તેવાં અન્ય જોડકણાં શોધી બાળકોને ગવડાવી.

**મેદાનની રમત** **સમયઃ 30 મિનિટ**

બાળકોને રોજના ક્રમ અનુસાર વર્ગની બહાર રમવા ઓછામાં ઓછી ૩૦ મિનિટનો સમય આપવો. આનાથી તેમનામાં અને શારિરીક વિકાસમાં મદદ મળે છે. આ પ્રવૃત્તિઓ જરૂરી જગ્યા ઉપલબ્ધ હોવી જોઇએ.

મેદાનમાં રમવાની પ્રવૃત્તિઓમાં બાળકોને સ્વતંત્રતાથી રમવાનો અવસર મળવો જોઇએ. ત્યાં તેઓ દોડા-દોડી, ખેલ-કૂદ અને રમતના મેદાનમાં અલગ-અલગ રમતનાં સાધનો સાથે રમે. તેની સાથે કેટલીક પ્રવૃત્તિઓ એવી પણ હોવી જોઇએ,જેમાં શિક્ષક બાળકો સાથે કંઇક કાર્ય કરે. જેમ કે ચોક્કસ નિયમ અનુસાર રમવું,બાગકામ, ખોદ કામ અને છોડ રોપવા જેવી પ્રવૃત્તિઓ પણ કરાવવી જોઇએ.

**પ્રવૃત્તિ - 4 બે મોઢાળી બંબોળી**

**સામગ્રીઃ** લાંબી લાકડી

**પદ્ધતિઃ**

- બે તાલીમાર્થીઓની પીઠ અડકે તેમ બંનેને ઉભા રાખો.
- તેમના પગ વચ્ચેથી લાકડી પસાર કરી બંનેને લાકડી પકડવા કહો.
- બંને જણા લાકડીને પકડી રાખીને એકસાથે વર્તુળમાં રહેલા તાલીમાર્થીઓને પકડવા જશે.
- જેમને જેમને તેઓ અડકશે તે આઉટ ગણાશે.

**તજજ્ઞ દ્વારા સંકલન**

- બાળકો રમતો સ્વતંત્રતાથી રમી શકે તેવા અવસર આપવા.
- બાળકોને વિવિધ પ્રકારની રમતો રમાડવી જેમાં ચોકકસ નિયમો હોય, બાળકો સમૂહમાં કાર્ય કરે, જોડીમાં કાર્ય વગેરે.
- બાળકો રમત રમે તે દરમિયાન શિક્ષકે તેઓની દેખરેખ રાખવી તેમજ ફર્સ્ટ-એડ કિટ પણ સાથે રાખવી.

**વાર્તાકથન** **સમય - 15 મિનિટ**

વાર્તાકથનથી શિક્ષક અને બાળક વચ્ચે એક ભાવનાત્મક સંબંધ બંધાય છે. પ્રારંભિક ધોરણોમાં બાળકોમાં ભાષા અને સાક્ષરતા કૌશલ્ય વિકાસ માટે વાર્તાકથન ખૂબ જ મહત્વની પ્રવૃત્તિ છે. વાર્તાકથન અને તે અંગે બાળકો સાથે ચર્ચા કરવાથી બાળકોમાં શબ્દ ભંડોળ વિકસે છે. કલ્પના કરવી, તર્ક કરવો, વિચાર કરવો જેવાં કૌશલ્યોનો વિકાસ થાય છે. વિદ્યા પ્રવેશમાં દરેક સપ્તાહમાં એક વાર્તાને બે થી ત્રણ વખત કહેવાની પ્રવૃત્તિ છે. શિક્ષકે એક વાર્તાને બીજી કે ત્રીજી વખત કહેતી વખતે બાળકો સાથે વાર્તા સંદર્ભે અન્ય પ્રવૃત્તિ કરવી જોઇએ. જેમ કે બાળકો પોતાના શબ્દોમાં વાર્તા કહે, વાર્તાનું નાટ્યીકરણ કરે, વાર્તા પરથી ચિત્રો દોરે. બાળકોને પણ તેમણે સાંભળેલી કે આવડતી વાર્તા કહેવાની તક આપવી જોઇએ.

**પ્રવૃત્તિ 5 – સસ્સારાણા સાંકળિયા**

- તાલીમાર્થીઓને વાર્તાનું શીર્ષક કે નામ કહીને જો શકય હોય તો ચિત્રો બતાવી વાર્તા વિશે અનુમાન કરવા કહેવું - જેમ કે વાર્તમાં કોણ હશે? વાર્તામાં શું થયું હશે ?
- ત્યારબાદ વાર્તા હાવ-ભાવ અને આરોહ-અવરોહ સાથે કહેવી. જો શકય હોય તો વાર્તાનાં પાત્રોના પપેટ, મહોરાંનો પણ ઉપયોગ કરી શકાય.
- વાર્તા કહ્યા બાદ તાલીમાર્થીઓ સાથે વાર્તા અંગે ચર્ચા કરી શકાય. જેમાં વાર્તામાં આવતા પાત્રો,કયાં જોવા મળે છે, તેઓ કેવાં દેખાય છે, તેઓ શું ખાય છે વગેરે વિશે ચર્ચા કરવી.
- શક્ય હોય તો ઇન્ટરનેટ પરથી વાર્તાનો વિડિયો બતાવી શકાય.

**તજજ્ઞ દ્વારા સંકલન**

- શિક્ષકે વાર્તા કથન પહેલાં વાર્તા વાંચી લેવી. કયાં રોકાવું, કયારે-કેવા પ્રશ્નો પૂછવા તેનું અગાઉથી આયોજન કરી લેવું.
- વાર્તામાં આવતા અઘરા તેમજ નવા શબ્દોનો પરિચય વાર્તા પહેલાં આપવો.
- વાર્તા કહ્યા પછી વાર્તા વિશે ન પૂછતાં વાર્તમાં આવતાં પાત્રો-સ્થળ વિશે તેમજ તે અંગે બાળકોના અનુભવો વિશે ચર્ચા કરવી.
- વાર્તાના પુનરાવર્તન વખતે બાળકોને વાર્તા તેમના શબ્દોમાં કહેવાની તક આપવી.

**વિદાય સમય** **સમય - 15 મિનિટ**

વિદાય સમયે શિક્ષકે બાળકોને દિવસ દરમિયાન કરેલ પ્રવૃત્તિઓને ફરીથી યાદ કરાવવી. તેઓને આવતીકાલના દિવસની પ્રવૃત્તિઓ કરવા માટે પણ તૈયાર કરવા જોઇએ, જો જરુરી હોય તો તેમને પોતાના ઘરેથી કંઇક લાવવાનું યાદ કરાવવું જોઇએ. જો કોઇ સામગ્રી પોતાની જગ્યાએ નથી તો જતાં પહેલાં બાળકો અને શિક્ષકે વર્ગખંડનું નિરીક્ષણ કરવું જોઇએ અને સામગ્રીને તેની નિશ્ચિત જગ્યાએ મૂકવી જોઇએ. અંતમાં, બાળકોને પોતાના પરિવાર અને સદસ્યો તથા મિત્રો સાથે આજના દિવસે જે કંઇ પણ કર્યું તે વિશે વાત કરવા કહેવું જોઇએ.

**પદ્ધતિઃ**

- તજજ્ઞ તાલીમાર્થીઓને દિવસ દરમિયાન થયેલ તમામ પ્રવૃત્તિઓને યાદ કરાવશે.
- આવતીકાલના દિવસે કઇ પ્રવૃત્તિઓ કરાવવાની છે તે જણાવશે.
- આવતીકાલના દિવસે તાલીમાર્થી તરફથી લાવવાની સાધન-સામગ્રી યાદ કરાવશે.
- તજજ્ઞ તાલીમાર્થી સાથે દિવસ દરમિયાન કરેલ પ્રવૃત્તિઓમાં શું વધુ ગમ્યું, શું સુધારી શકાય કે તેમની મૂંઝવણ વિશે વાતચીત કરશે.

**તજજ્ઞ દ્વારા સંકલન**

વિદાય સમયની પ્રવૃત્તિ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

- બાળકોની સાથે સમાન સ્તરે કે નીચે ચટાઇ પર બેસવું.
- દરેક બાળકને પ્રશ્ન પૂછવા અને પોતાના દિવસના અનુભવ વ્યક્ત કરવાની તક આપવી જોઇએ.

**તાલીમ માટે જરુરી સામગ્રી**

- પ્રવૃત્તિ કોર્નર (જેમાં ચિત્રવાર્તાની 40 જેટલી ચિત્ર વાર્તા બુક હોય)
- વ્યવસાયકારોનાં ચિત્રો
- વ્યવસાયકારોનાં ઓજાર (કાતર, મેજર ટેપ, હથોડી, કરવત, ઇન્જેક્શન, ટપાલ)
- શાકભાજી અને ફળો
- લાંબી લાકડી
- ક્રેયોન કલર
- વાર્તનાં ચિત્રો, (સસ્સારાણા સાંકળિયા)

## શનિવારનું આયોજન (પુનરાવર્તન સમજ)

### સપ્તાહઃ1 શનિવારનું આયોજન

**પ્રસ્તાવનાઃ**

વિદ્યા પ્રવેશ (શાળા તત્પરતા) કાર્યક્રમમાં સપ્તાહ મુજબ વિષયવસ્તુ આપવામાં આવેલ છે. જેમાં દિવસ-1 સોમવારથી દિવસ-5 શુક્રવાર સુધીમાં અલગ અલગ વિષયવસ્તુની પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે. દિવસ-6 શનિવારના રોજ સપ્તાહમાં કરાવેલી પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરાવવાનું છે. જેનું આયોજન શિક્ષકે પોતાના વર્ગની જરુરિયાત મુજબ નીચેની બાબતોનું ધ્યાન રાખીને કરવું.

- સપ્તાહમાં આપેલી કુલ પ્રવૃત્તિઓમાં ગણિત, પર્યાવરણ અને ભાષાની પ્રવૃત્તિઓ આવે તેવું આયોજન કરવું.
- આ સિવાયની અન્ય પ્રવૃત્તિ વાર્તા, ગીત, રમત અને ભાષાની પ્રવૃત્તિમાંથી લેવી.
- સપ્તાહ દરમિયાન શિક્ષક વર્ગખંડમાં કોઇ દિવસ ગેરહાજર હોય અને તે દિવસની પ્રવૃત્તિનું કામ બાકી હોય તો તેને ખાસ પ્રાધાન્ય આપવું. શનિવારના આયોજન (પુનરાવર્તન સમજ)માં વર્ગ શિક્ષકે તમામ દિવસની કામગીરીના અનુસંધાને જાતે નક્કી કરવું કે તેમને સપ્તાહના અંતે કઇ - કઇ પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરાવવાનું છે. જેનાથી બાળકોને વધુમાં વધુ મહાવરો કરાવી શકાય.
- આ પુનરાવર્તનની પ્રવૃત્તિઓમાં બાળકોને જે અધ્યયન નિષ્પત્તિની કચાશ છે. તે ધ્યાન પર લઇ પ્રવૃત્તિઓ પસંદ કરવી.

**તજજ્ઞ દ્વારા એક સપ્તાહના શનિવારના આયોજનનું નિદર્શનઃ**

- સપ્તાહ-1
- પ્રવૃત્તિઃ -
  - નાની મારી આંખ — પ્રવૃત્તિ-1 — 30 મિનિટ
  - મારો પરિચય — પ્રવૃત્તિ-3 — 30 મિનિટ
  - વર્ગીકરણની પ્રવૃત્તિ — પ્રવૃત્તિ-11 — 30 મિનિટ
  - તરસ્યો કાગડો — પ્રવૃત્તિ-10 — 15 મિનિટ
  - ચકલી દોડની રમત રમાડવી — પ્રવૃત્તિ-9 — 15 મિનિટ

- અધ્યયન નિષ્પતિઃ ઉપર મુજબની પ્રવૃત્તિમાં નીચે આપેલી અધ્યયન નિષ્પત્તિ બાળકો શીખશે.
    - HW 3.2, HW 3.16, HW 3.10, HW 3.3
    - ECL1 3.1, ECL1 3.3
    - IL 3.1, IL 3.21, IL 3.22
- સપ્તાહઃ 1 નું પાંચ દિવસનું કામ પૂર્ણ કરતાં આ મુજબની પ્રવૃત્તિઓ પુનરાવર્તનની સમજ માટે પસંદ કરવામાં આવેલ છે.
- જેમાં વિષય તેમજ પ્રવૃત્તિ અને અધ્યયન નિષ્પત્તિને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવેલ છે .
- શરુઆતમાં 15 મિનિટ સર્કલ ટાઇમ, આવકાર અને હાજરી
- ત્યાર બાદ 30 મિનિટ શિક્ષકના માર્ગદર્શન હેઠળ ગમતી પ્રવૃત્તિ કરાવવી.
- ત્યાર બાદ 120 મિનિટ પનુરાવર્તન માટે પસંદ કરેલી પ્રવૃત્તિ કરાવવી.
- છેલ્લે 15 મિનિટ આખા દિવસમાં વાતચીત ચર્ચા / ન ગમ્યું / ગમ્યું /

**તાલીમાર્થીઓનું જૂથકાર્યઃ**

- અહીં સપ્તાહ 1 નું આયોજન કરેલ છે તે મુજબ તાલીમાર્થી શિક્ષકોની સંખ્યા પ્રમાણે .9 જૂથ બનાવી બાકીના સપ્તાહ 2 થી સપ્તાહ 10 નું આ મુજબનું આયોજન તૈયાર કરવું.
- તાલીમાર્થી શિક્ષકોની સંખ્યા અનુસંધાને સરખા ભાગમાં 9 જૂથ બનાવવા.
- જે તે સપ્તાહની કઇ - કઇ પ્રવૃત્તિઓનું શનિવારે પુનરાવર્તન કરવું જોઇએ? શા માટે ? આ પ્રવૃત્તિઓ સંબંધિત કઇ અધ્યયન નિષ્પત્તિઓ શીખવી શકાય છે ?
- આ જ અધ્યયન નિષ્પત્તિઓ માટે શનિવારે બીજી કોઇ અન્ય પ્રવૃત્તિઓ કરાવી શકાય ? કઇ ?
- આમ, આ બાકી રહેલા 9 સપ્તાહ માટે 9 જૂથમાં વહેંચણી કરીને તેઓને વિષય, પ્રવૃત્તિ અને અધ્યયન નિષ્પત્તિ મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરાવવીજેમાં બાળકોને વધુમાં વધુ . મહાવરાની જરુર હોય, જેથી બાળકોને જે તે વિષય કે પ્રવૃત્તિનું સ્પષ્ટીકરણ થાય.

- **નિદર્શન (45 મિનિટ)**

- જે તે ગ્રુપના સભ્યોને તેમના ભાગમાં આવેલ સપ્તાહનું જૂથકાર્ય પૂર્ણ થયા બાદ નિદર્શન કરવું.
- ગ્રુપના તમામ સભ્યોએ નિદર્શનમાં જોડાવું.
- તમામ સભ્યોમાં વારાફરથી મુદ્દાની વિગતવાર સમજ આપવી.
- જે પણ પ્રવૃત્તિ પુનરાવર્તનની સમજ માટે લીધેલ છે તે કયા હેતુ અનુસાર લેવામાં આવેલ છે તેની સમજ સ્પષ્ટ કરવી.
- આમ એક પછી એક એમ તમામ જૂથને નિદર્શન કરવું.
- કોઇ પણ જૂથના નિદર્શન બાદ બાકીના સભ્યોએ તેમાં કોઇ સૂચન હોય તો જણાવવું.
- જો સૂચન બધાને યોગ્ય જણાય તો તેમાં ફેરફાર કરવો.

- **તજજ્ઞ દ્વારા સંકલન (15 મિનિટ)**
  - એક જૂથના નિદર્શન બાદ જે તે સૂચન આવેલ હોય તેની સર્વસંમતિથી નોંધ કરવી અને જરુર જણાય તો ફેરફાર કરવો.
  - તમામ જૂથના નિદર્શન બાદ તજજ્ઞશ્રી દ્વારા સંકલન કરવું.
  - તમામ જૂથના નિદર્શન બાદ સપ્તાહઃ2 થી સપ્તાહઃ10નું શનિવારના આયોજનનું તાલીમાર્થીઓએ તજજ્ઞશ્રી સંકલનમાં રહીને ડિસ્પલે કરવું.

# પ્રવૃત્તિઓની વિશેષ સમજ

વિદ્યા પ્રવેશ દરમિયાન કરવાની વિશિષ્ટ પ્રવૃત્તિઓ વિશે સમજ મેળવીએ.

**ચિત્ર વર્ણન** **(10 મિનિટ)**

ચિત્ર પર વાતચીત કરવાની વિવિધ રીત હોય છે. જેમ કે સરળ એટલે કે ચિત્રમાં જે દેખાય છે તેનું નામ જણાવવાથી લઇ કાર્યકારણનો સંબંધ જણાવવા અને, પોતાના અનુભવોથી જોડવા સુધીની બાબતો હોઇ શકે. શિક્ષક તરફથી એવા પ્રશ્નો પૂછવામાં આવે. જેમાં બાળકો અનુભવ કહી શકે, ઘટનાઓ પર અનુમાન લગાવી શકે, એક ઘટનાથી બીજી ઘટના વચ્ચે સંબંધ જોડી શકે વગેરે તક મળવી જોઇએ. એવા પ્રશ્નો પૂછી શકાય કે જેમાં બાળકોને તર્ક કરવાની, કલ્પના કરવાની, અનુમાન કરવાની તકો મળે. આવું થાય તે માટે તજજ્ઞ દ્વારા શિક્ષકો પાસે આવી રીતે ચિત્ર વર્ણન કરાવવું.

**ચિત્ર વર્ણન**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિ સપ્તાહઃ 5, દિવસ 1, પ્રવૃત્તિ 3, ચિત્રવર્ણનમાં પાના નં-48 પર એક પ્રવૃત્તિ આપેલ છે. જેમાં વર્કશીટ નં.16 પર જે ચિત્ર આપેલ છે. તે ચિત્ર શિક્ષકોને બતાવી નીચે મુજબના પ્રશ્નો પૂછવા.

1) આ ચિત્ર કઇ ઋતુનું છે ?
2) ચિત્રમાં તમને શું શું દેખાય છે ?
3) આ ચિત્રમાં બાળકોને પલળવું ગમે છે તેમ તમને પણ વરસાદમાં પલળવું ગમે છે ?
4) પાણીમાં છબછબિયાં કરવાથી શું થાય ?
5) વરસાદથી બચવા છોકરીઓએ શું કર્યું છે ?
6) તમે વરસાદથી બચવા શું કરશો ?
7) તમે કાગળની હોડી બનાવી પાણીમાં તરતી મૂકી છે ?

**ચિત્રનું અવલોકન** **(10 મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃતિ સપ્તાહ 6, દિવસ 3, પ્રવૃત્તિ 11, ચિત્રના અવલોકનમાં પાના નં. 60 પર એક પ્રવૃત્તિ આપવામાં આવેલી છે. જેમાં વર્કશીટ નં 16, પર જે ચિત્ર આપેલ છે, તે ચિત્ર શિક્ષકને બતાવી કેવા પ્રશ્નો બાળકોને પૂછી શકાય તે શિક્ષકો પાસેથી મેળવવા.

આ પ્રકારના પ્રશ્નો હોઇ શકે, જેમ કે,

1) આ ચિત્રમાં તમને શું શું દેખાય છે ?
2) વરસાદમાં તમને શું શું કરવુ ગમે ?
3) તમને કેવા રંગની છત્રી ગમે છે ?
4) તમને તમારા કયા મિત્રો સાથે વરસાદમાં પલળવું ગમે ?

5) વરસાદમાં કોને પલળવું નથી ગમતું ?

6) વરસાદના સમયે આકાશમાં કેવો નજારો જોવા મળે છે ?

7) આપેલ ચિત્રમાં બાળક દફતર સાથે વરસાદમાં પલળે છે. તમે શું કરશો ?

તજજ્ઞ દ્વારા શિક્ષકોને બીજા આવા પ્રશ્નો બનાવવા કહેવું.

**ચિત્રનું વર્ણન કરો.** **(10 મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિમાં સપ્તાહ 10, દિવસ 2, પ્રવૃત્તિ 1, ચિત્રનું વર્ણન પાના નં. 94, પર વર્કશીટ-30 માં, એક ચિત્ર આપેલ છે. તે ચિત્ર શિક્ષકોને બતાવી તે ચિત્રનું વર્ણન કરવા કહેવું.

રમત

રમત એ સામાન્ય રીતે વ્યવસ્થિત, સક્ષમપણે અને કુશળતાપૂર્વક કરાતી શારીરિક પ્રવૃત્તિ તરીકે કરાય છે. રમત દ્વારા બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે. અહીં રમતો બે ભાગમાં વહેંચાયેલી છે. Outdoor(મેદાની) રમતો વર્ગખંડની બહાર રમાતી રમતો છે. જયારે Indoor એ વર્ગખંડની અંદર રમાતી રમતો છે. અહીં કેટલીક રમતો આપેલી છે. જે તજજ્ઞશ્રી એ શિક્ષકોને રમાડવી.

**Outdoor(મેદાની) રમત**

**1. તાળીની રમત (10 મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિમાં સપ્તાહ 5, દિવસ 2, પ્રવૃત્તિ 9, તાળીની રમત. જેમાં તજજ્ઞશ્રીએ આ રમત શિક્ષકોને રમાડવી. જેમાં તજજ્ઞશ્રીએ સંગીતની ધૂન વગાડવી અને તે સંગીતના તાલે હાવભાવ સાથે શિક્ષકોને અભિનય કરાવવો.

જેમ કે, તાળી પાડવી, ચપટી વગાડવી, બ્રશ કરવું. ડાન્સ કરવો ક્રિકેટ રમવું વગેરે

**2. કેટલા રે કેટલા (15 મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિમાં સપ્તાહ 7, દિવસ 2, પ્રવૃત્તિ 9, કેટલા રે કેટલા રમત આપેલ છે. જેમાં તજજ્ઞશ્રીએ આ રમત તાલીમાર્થી શિક્ષકોને રમાડવી.

શિક્ષકોને વર્તુળાકારે ઉભા રાખવા તજજ્ઞશ્રી કેટલા રે કેટલા બોલશે. બાળકો વર્તુળાકારે ફરતા રહી તમે કહો એટલા બોલશે. તજજ્ઞશ્રી બે થી ચાર સુધીના કોઇ પણ અંક બોલશે. શિક્ષકો તે પ્રમાણે જૂથ બનાવશે જે શિક્ષક રહી જાય તે બાદ થશે આ રીતે રમત ચાલશે)

**Indoor રમતઃ**

**1. ખજાનાની શોધ (મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિ સપ્તાહ 7,માં દિવસ 4, પ્રવૃત્તિ 26, ખજાનાની શોધ પાના નં. 71, પર આ પ્રવૃત્તી આપેલ છે. જેમાં તજજ્ઞશ્રી વર્ગખંડની અંદર ફળો / ફળોના ચિત્રો અલગ અલગ જગ્યાએ સંતાડશે હવે શિક્ષકોને આ ફળો / ફળોના ચિત્રો શોધવાનું કહેવું. શિક્ષકો આ ફળો / ફળોના ચિત્રો શોધશે. જે શિક્ષક સૌથી વધુ ફળો / ફળોનાં ચિત્રો શોધશે તે શિક્ષક વિજેતા

2. **લક્ષ્ય તાકવું(30 મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિ સપ્તાહ 5, દિવસ 1, પ્રવૃત્તિ 1, લક્ષ્ય તાડવું પાના નં. 48, પર આ રમત આપેલ છે. જેમાં, તજજ્ઞશ્રીએ તાલીમાર્થી શિક્ષકોનાં બે જૂથ પાડવાં, હવે ટેબલ પર કાગળના પ્યાલા એક ઉપર એક એમ ગોઠવવા. હવે, બે જૂથને વારાફરતી એમ દાવ આપવો.

જે પણ જૂથે વધારે વખત પ્યાલાને નીચે પાડશે તે ગ્રુપને પોઇન્ટ મળશે જે ગ્રુપને વધારે પોઇન્ટ મળ્યા હશે તે ટીમ વિજેતા બનશે.

3. **પ્રવૃત્તિઃ**

પ્રવૃત્તિમાં બાળક-બાળક સાથેનું, બાળક-સામગ્રી સાથેનું, બાળક-શિક્ષક સાથેનું જોડાણ કરવાનો આશય છે. પ્રવૃત્તિ દ્વારા બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે. તેમાં વિચાર કરી શકે, એકાગ્રતા વધે છે, તેની આંતરિક શક્તિઓ ખીલે છે. હાથના સ્નાયુઓ મજબુત બને છે. પ્રવૃત્તિ પ્રત્યે જવાબદારી લેતો થાય છે તેમજ વિચેચનાત્મક ચિંતન કરતો થાય છે.

**કયો શબ્દ ભૂંસાયો** **(20 મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિમાં સપ્તાહ 6, દિવસ 1, પ્રવૃત્તિ 3, માં કયો શબ્દ ભૂંસાયોની પ્રવૃત્તિ આપવામાં આવેલી છે. જેમાં તજજ્ઞશ્રીએ પાટિયા પર એક વાકય લખવું, આ વાકયને વારંવારં વંચાવવું, ત્યારબાદ વાકયમાંથી કોઇ એક શબ્દ ભૂસી નાખવો અને શિક્ષકોને પૂછવું કે કયો શબ્દ ભૂંસી નાખ્યો ?

જેમ કે (1) મારી પાસે ચાર પેન છે.

(2) પેલા ઝાડ પર પંખીઓ છે.

નોધ – આ રમતને વધુ રસપ્રદ બનાવવા માટે વર્ગખંડની બહાર રમત રમાડવી. સંજ્ઞાઓ / સૂચનાઓની હિન્ટ આપવી. બાળકો જે તે હિન્ટ પરથી વસ્તુઓ શોધે.

**બોલો, હું કોણ ?** **(20 મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિમાં સપ્તાહ 2, દિવસ 2, પ્રવૃત્તિ 8, પર બોલો, હું કોણની પ્રવૃત્તિ પાના નં. 25, પર છે. જેમાં તજજ્ઞશ્રીએ તાલીમાર્થી શિક્ષકશ્રીઓની વિરુદ્ધ દિશામાં ઉભા રહેવું. હવે, શિક્ષકોને વર્ગખંડની કોઇપણ એક વસ્તુ ધારવા કહેવું. ત્યાર બાદ તે જ વસ્તુના હા કે ના માં જવાબ મળે તેવા પ્રશ્નો તજજ્ઞશ્રીએ પૂછવા.

દા.ત.

1) શું તે વસ્તુ આપણા વર્ગમાં છે ?

2) શું તે ચોરસ છે ?

3) શું તે ખાઇ શકાય તેમ છે ?

આવા પ્રશ્નોની શૃંખલાથી તજજ્ઞ સાચા જવાબ સુધી પહોંચશે.

**મહોરાં બનાવવા** **(20 મિનિટ)**

વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિમાં સપ્તાહ 2, દિવસ 3, પ્રવૃત્તિ 22, મહોરાં બનાવવાની પ્રવૃત્તિ પાના નં. 27, પર આપેલી છે.

જેમાં તાલીમાર્થી શિક્ષકોને કોઇપણ એક મહોરું બનાવતાં શીખવવું.

**રીતઃ** સૌ પ્રથમ એક ગડી વાળો. હવે, તેના પર હાથીનું અડધુ ચિત્ર દોરો, હવે, ગડી વાળેલા કાગળ પર જે હાથીનું અડધુ ચિત્ર દોરેલ છે. તેને કાતર વડે કાપો. તેના કાનના ભાગે કાણાં પાડી બે છેડે દોરી બાંધો. આ રીતે હાથીનું માસ્ક તૈયાર થશે.

(આ રીતે બીજાં પ્રાણી, પક્ષી, જીવજંતુનાં મહોરાં બનશે)

**ગીત / જોડકણાં** **(20 મિનિટ)**

સંગીત એક કળા છે, કે જેમાં બાળક ગીત, જોડકણાં, બાળગીત અને અભિનય ગીત દ્વારા સંગીત સાથે જોડાય છે. બાળકોને ગીત ખૂબ જ ગમે છે. તેને તેનો રાગ ગમે છે. ગીત દ્વારા બાળક આરોહ-અવરોહ સાથે ગાતું થાય છે. અભિનય કરતો થાય છે, તેના શારીરિક સ્નાયુઓનો વિકાસ થાય છે. લયબદ્ધ રીતે ગાતો થાય છે. મનને શાંતિ મળે છે. બાળક આનંદમય રહે છે.

તજજ્ઞશ્રીએ આ પ્રવૃત્તિ સમુહમાં કરાવવી. જેમાં દરેક તાલીમાર્થી શિક્ષકો જોડાય. આમાં વાજિંત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

ચાલો જોવા જઇએ મેળો (વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિ પાના નં.26)

આવો પારેવાં (વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિ પાના નં.39)

ધોળા ધોળા બગલા (વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિ પાના નં.87)

**વાર્તા** **(45 મિનિટ)**

બાળકોને જીવનનાં મૂલ્યો શીખવાડવા માટે વાર્તાથી સશકત બીજું કોઇ માધ્યમ નથી. વાર્તા કથન એક અસરકારક માધ્યમ છે. વાર્તા કથનથી શ્રવણ કૌશલ્ય અને કથન કૌશલ્યની સાથે સમજણશક્તિનો વિકાસ થાય છે. બાળક કથન કરતો થાય છે. આગળ શું થશે તે જાણવાની ઉત્સુકતા વધે છે. તેનાથી બાળકની એકાગ્રતા વધે છે. ધ્યાનપૂર્વક સાંભળવાનું કૌશલ્ય વધે છે.

**મારી વાર્તાઃ**

આ પ્રવૃત્તિમાં તજજ્ઞશ્રીએ 3 ગ્રુપ પાડવાં, દરેક ગ્રુપને શિક્ષક આવૃત્તિમાંથી કોઇપણ એક વાર્તા પસંદ કરવા કહેવું. હવે તેને બાળકોને કઇ રીતે પ્રેઝન્ટ કરી શકાય એટલે કે બતાવી શકાય તે કહેવું. ત્રણેય જૂથ અભિનય દ્વારા, પપેટ દ્વારા, ચિત્ર દ્વારા વર્ગ સમક્ષ પોતાની વાર્તા રજૂ કરશે.

ગ્રુપ-1 ગ્રુપ-2 ગ્રુપ-3

પ્રવૃત્તિ દરમિયાન જરૂરી સામગ્રી – દોરી, કાગળ, કાતર, ફળોના ચિત્રો / ફળોના નમૂના વર્કશીટ નં. 16, 20, 30, ની ppt બનાવવી. smiley દડો, 6 કાગળના પ્યાલા.

‘વિદ્યાપ્રવેશ’ મૂલ્યાંકન

બાળક ‘વિદ્યાપ્રવેશ’ના સમયગાળા દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આગળના અભ્યાસ માટે તત્પર થઇ રહ્યો છે કે કેમ એ સુનિશ્ચિત કરવાના હેતુથી વચ્ચે-વચ્ચે મૂલ્યાંકન કરવાનું છે. અહીં મૂલ્યાંકન એટલે બાળકની પરીક્ષા નહીં તે આપણે સતત યાદ રાખવાનું છે. મૂલ્યાંકન કરવા માટે શિક્ષકે બાળકોની કોઇ અલગથી પરીક્ષા લેવાની નથી. પરંતુ રોજીંદી પ્રક્રિયા કે પવૃત્તિઓ દરમિયાન દરેક બાળકનું અવલોકન કરી, તેના વિશે મૂલ્યાંકન માટે આપવામાં આવેલ વિધાનો મુજબ નોંધ કરવાની છે અને તેનું અનુકાર્ય પણ કરવાનું છે. બાળકોનું શૈક્ષણિક મૂલ્યાંકન કરવા માટે નીચેની પ્રક્રિયા અનુસરવી જોઇએ.

(1) અવલોકન (૨) વિગતવાર નોંધ (3) પોર્ટફોલિયો (4) ચેક લિસ્ટ (૫) રેટિંગ સ્કેલ (ક્રમ માપદંડ) (6) ફોટોગ્રાફ્સ અને વિડીઓ.

- ત્રણેય મૂલ્યાંકનમાં સમાવિષ્ટ ઉદ્દેશ્યો નીચે મુજબ છે.
  1. બાળકોનો શાળકીય કાર્યક્રમોમાં રસ વિકસાવવા અને શાળાના વાતાવરણ સાથે અને શીખવાની પ્રક્રિયમાં બાળકો જોડાય તે માટે મદદ કરવી. (પ્રથમ મૂલ્યાંકન)
  2. પાયાનાં અધ્યયન કૌશલ્યો વિકસાવવાં (દ્વિતીય મૂલ્યાંકન)
  3. પાયાનાં અધ્યયન કૌશલ્યો વિકસાવવાં (તૃતીય મૂલ્યાંકન)
- આ ત્રણેય કૌશલ્યો અંતર્ગત નીચે મુજબના માપદંડોનો સમાવેશ કરી સમયાંતરે મૂલ્યાંકન કરવું.
  1. અનુકૂલન અને નિત્યક્રમ / નિયમોનું પાલન.
  2. આઉટડોર રમતો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી
  3. સર્જનાત્મક – સૌંદર્યલક્ષી અને ફાઇન મોટર (સૂક્ષ્મ સ્નાયુ કૌશલ્ય) સ્કિલના વિકાસ માટેની કલા પ્રવૃત્તિઓમાં ભાગીદારી
  4. સંખ્યાજ્ઞાન કૌશલ્યો અને પર્યાવરણ જાગૃતિનું નિદર્શન
  5. મૌખિક અભિવ્યક્તિનું નિદર્શન
  6. ઉભરતા વાચન કૌશલ્યોનું નિદર્શન
  7. ઉભરતા લેખન કૌશલ્યોનું નિદર્શન

**મૂલ્યાંકન પ્રવિધિ**

વર્ગમાં સમયાંતરે સપ્તાહ મુજબની પ્રવૃત્તિઓ કરાવતાં કરાવતાં બાળકોની સહભાગિતાનું અવલોકન કરીને સપ્તાહ ત્રણ, છ અને દસના અંતે મૂલ્યાંકન કરવાનું છે.

મૂલ્યાંકન દરમિયાન ધ્યાને લેવાની બાબતો

- મૂલ્યાંકન એટલે પરીક્ષા નહીં, પરંતુ બાળક શીખવાની પ્રક્રિયામાં કેટલે સુધી પહોંચ્યું છે તે જાણવું.
- શિક્ષક આવૃત્તિમાં આપેલી શિખવવાની પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થી પ્રવૃત્તિપોથીમાં આપેલી શીખવાની પ્રવૃત્તિઓ તેના ક્ષેત્ર (EC, IL, અને HW)ની અધ્યયન નિષ્પત્તિઓ સાથે અનુબંધ ધરાવે છે. મૂલ્યાંકન સમયે જે તે વિધાનની ચકાસણી કરીને અધ્યયન નિષ્પત્તિનું સ્તર ચકસવાની તક આપેલ છે તે ધ્યાને રાખવું.
- મૂલ્યાંકન વિધાનમાં આપેલ બાબતોને વ્યક્તિગત, જૂથ અને સમૂહમાં ચકાસી શકાય તેવું આયોજન કરવું.
- કેટલાંક મૂલ્યાંકન વિધાનોની પ્રવૃત્તિઓ વર્ગમાં એક થી વધુ વાર અને સમયાંતરે થાય, ત્યારબાદ જ તેનું મૂલ્યાંકન કરવું.
- ત્રણેય મૂલ્યાંકનની શરૂઆતમાં અને અંતમાં આપેલી સામાન્ય બાબતોને શરીરની સ્વચ્છતા અને બાળકની પ્રગતિની નોંધ સાથે સીધો સંબંધ છે. બાળકની વિશેષ રુચિ, પ્રતિભા અને હાજરીના દિવસો પણ શિક્ષક અને વાલી માટે અતિ અગત્યના છે, તે ધ્યાને લેવું.
- શિક્ષક દ્વારા થતું આ મૂલ્યાંકન વાલી અને મુખ્ય શિક્ષણ પણ જુએ છે જેથી બાળકની પ્રગતિમાં તેમના તરફથી પણ જરૂરી સહયોગ મળી રહે છે.
- મૂલ્યાંકનમાં આપેલ સંખ્યાજ્ઞાન, ભાષા અને સ્વાસ્થ્ય/પર્યાવરણનાં વિધાનો ત્રણેય મૂલ્યાંકનમાં વિવિધ તબક્કે વિકસાત્મક રીતે મૂકવામાં આવ્યાં છે. જેથી તેના મૂલ્યાંકન સમયે બાળકના વિકાસની નોંધ રાખીને મૂલ્યાંકન કરવું.
- ઉભરતા વાચન કૌશલ્ય માટે આપેલ મૂલ્યાંકન વિધાન બાળકના વ્યક્તિગત વિકાસને ધ્યાને રાખી ભરવું.

- લેખન કૌશલ્યના મૂલ્યાંકન માટે આપેલ બાબતો વ્યક્તિગત હોવાથી તેને દરેક મૂલ્યાંકન સમયે કાળજીથી ચકાસવી.
- મૂલ્યાંકન વિધાનો સામે આપેલ ટીક કરવાના કૉલમમાં જે બાબતો બાળકોની પ્રગતિમાં અધૂરી દેખાતી હોય તે માટે જે તે બાળક પર વિશેષ પ્રયાસ કરવો. દા. ત. બીજા મૂલ્યાંકન દરમિયાન "1 થી 10 સુધી અંકો લખે છે." આ વિધાનમાં 'મદદ ની જરૂર છે' તે ખાનામાં ટીક માર્ક હોય તો, તે બાળકને 1 થી 10 બોલવા અને ગણવામાં પણ મુશ્કેલી હોય તે શક્ય છે. તેથી તે બાબતોને વયક્તિગત સમજ દ્વારા "સરળતાથી કરી શકે છે" તે સ્તર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવો.
- "સહપાઠી સાથે સામગ્રી વહેંચે છે." આ મૂલ્યાંકન વિધાન સામે આપલે કૉલમમાં જો "ભાગ્યે જ" શબ્દ પર ટીક હોય તો એનો અર્થ એ સમજવો જોઈએ કે તે બાળક હમેશાં સામગ્રી વહેંચવામાં મુશ્કેલી અનુભવે છે.
- સૂક્ષ્મ સ્નાયુ કૌશલ્યના મૂલ્યાંકન સમયે પ્રથમ મૂલ્યાંકનમાં "સાદું ચીટક કામ" દ્વિતીય મૂલ્યાંકન સમયે "ઓરિગામી" અને ત્રીજા મૂલ્યાંકનમાં "કાતર વડે કાપીને ચોટાડવાની" ક્રમિક પ્રવૃત્તિઓ આપીને અહીં પ્રવૃત્તિમાં થયેલ ઉત્તરોત્તર પ્રગતિને માપવાનો પ્રયાસ કરાયેલ છે તે બાબત ધ્યાને લેવી.
- રમત અને પ્રવૃત્તિમાં ભાગીદારી સમયે પ્રથમ મૂલ્યાંકનમાં "બંને હાથથી દડો ફેંકે", દ્વિતીય મૂલ્યાંકન સમયે "ચોક્કસ દિશામાં દડો ફેંકે અને પકડે" અને ત્રીજા મૂલ્યાંકનમાં "દડા વડે લક્ષ્ય તાકે" તેવી ક્રમિક પ્રવૃત્તિઓ આપીને પ્રવૃત્તિમાં થયેલ ઉત્તરોત્તર પ્રગતિને માપવાનો પ્રયાસ કરાયેલ છે તે બાબત ધ્યાને લેવી.
- પર્યાવરણ જાગૃતિ સંદર્ભે પ્રથમ મૂલ્યાંકનમાં "પર્યાવરણની વસ્તુઓનું નિરીક્ષણ કરવા માટે ઉત્સાહ દર્શાવવો", દ્વિતીય મૂલ્યાંકન સમયે "કુદરતી ઘટનાનું અવલોકન" અને ત્રીજા મૂલ્યાંકનમાં "અવલોકન કરેલી ઘટનાનું વર્ણન કરે" તેવી ક્રમિકતા આપીને બાળકના વિકાસનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરાયેલ છે તે બાબત ધ્યાને લેવી.
- સપ્તાહ 2 ના દિન 4 માં આપેલ પ્રવૃત્તિ 23 વર્ગની વસ્તુઓનો પરિચય કરાવ્યા પછી મૂલ્યાંકન સમયે EC ની અધ્યયન નિષ્પત્તિ 3.3 અને મૂલ્યાંકન વિધાન મૌખિક અભિવ્યક્તિનું નિદર્શન એમ બંને ધ્યાનમાં રાખી પ્રથમ, દ્વિતીય અને તૃતીય મૂલ્યાંકન સમયે બાળકનો વિકાસ પ્રગતિકારક છે કે કેમ તેને ચકાસી શકાય છે.

- મૂલ્યાંકન માટેની પ્રવૃત્તિઓ માટે માત્ર શિક્ષક આવૃત્તિનો જ આધાર ન લેતાં શિક્ષકે જાતે પણ મૂલ્યાંકન થઇ શકે તે પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ કરાવી તેની નોંધ મૂલ્યાંકન માટે લેવી. ઉદાહરણ તરીકે મૂલ્યાંકન વિધાન "દડા વડે લક્ષ્ય તાકે છે." આ મૂલ્યાંકન માટે દડાની એક વારની જ રમત પૂરતી નથી. પરંતુ વારંવાર રમત દરમિયાન દડાનો ઉપયોગ કરી લક્ષ્ય તાકી શકાય તેવું કરાવી મૂલ્યાંકન કરવું.
- IL 3.5 અને 3.6 માટે સપ્તાહ 10 ની પ્રવૃત્તિ 7 આકારો કાપી ચોટાડવાની બાબત સૂક્ષ્મ સ્નાયુ કૌશલ્ય સાથે સર્જનાત્મક વિકાસની પણ વાત રજૂ કરતી હોવાથી બાળકે વર્કબૂકમાં કરેલ કાર્યની નોંધ લઈ ચકાસી મૂલ્યાંકન કરવું.
- વર્કબૂકના મૂલ્યાંકન સમયે યોગ્ય રીતે રંગપૂરણી, ચિત્ર સાથે સમજ પૂર્વકનું જોડાણ, અધૂરા ભાગોને જોડાવા, બોલાતા મૂળાક્ષર સાથે ચિત્રને જોડવું, ચિત્રના આધારે ચર્ચા કરી સમજ મેળવવી, અને વાર્તાચિત્રોને ક્રમિકતા આપવી. આ બધી બાબતો વ્યક્તિગત રીતે ચકાસવી.
- ગીત, વાર્તા, ઇન્ડોર અને આઉટડોરની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન સમૂહમાં કરવાનું હોવાથી તે સમયે દરેક બાળકનું સતત અવલોકન થાય તેની કાળજી લેવી.
- ટૂંકમાં, અહીં મૂલ્યાંકન એટલે ધોરણ-1ના અભ્યાસક્રમની શરૂઆત કરીએ તે પહેલાં વર્ગમાં શીખવા માટેની તત્પરતા અને ચોક્કસ પ્રણાલી ઊભી થાય તે માટેનું પૂર્વ આયોજન. સરળ રીતે સમજીએ તો વર્ગનાં બાળકો અગાઉના વર્ષમાં જે શીખીને આવ્યાં હોય તેનું પુનરાવર્તન થાય અને આગળના શિખવાના અનુભવો માટે સજ્જ થાય તેને મૂલ્યાંકન સમજીશું.

**તાલીમ દરમિયાન પ્રવૃત્તિ કાર્ય**

સામગ્રી – વર્કશીટ, દડો, મીણિયા રંગ

પદ્ધતિ – વર્ગની સંખ્યાનાં 7 જુથ પાડી મુલ્યાંકનનાં વિવિધ 7 ક્ષેત્રોની નીચે મુજબનાં પ્રવૃત્તઓ પસંદ કરાવી તે મુજબ કરવા માટે કહો.

જૂથ–1 : એક સાથે એક કરતાં વધારે સૂચનાઓને અનુસરે છે. (સપ્તાહ 7 - દિવસ 2 ની પ્રવૃત્તિ 7 કરાવવી.)

જૂથ–2 : દડા વડે લક્ષ્ય તાકે છે. (સપ્તાહ 5 - દિવસ 1ની પ્રવૃત્તિ 1 કરાવવી.)

જૂથ–3 : ટપકાં જોડીને ચિત્રમાં રંગ પૂરે છે. (સપ્તાહ 8 - દિવસ 5ની પ્રવૃત્તિ 23 કરાવવી.)

જૂથ–4 : પેટર્ન આગળ વધારે છે અને બનાવે છે. (સપ્તાહ 7 - દિવસ 1 ની પ્રવૃત્તિ 1 કરાવવી.)

જૂથ–5 : શબ્દોના પહેલા અને છેલ્લા ધ્વનિને ઓળખે છે. (સપ્તાહ 6 - દિવસ 2 ની પ્રવૃત્તિ 8 કરાવવી.)

જૂથ–6 : ચિત્રોની મદદથી શબ્દો સમજે છે.(સપ્તાહ 10 - દિવસ 3 ની પ્રવૃત્તિ 13 કરાવવી.)

જૂથ–7 : મૂળાક્ષરો અને સંખ્યાઓ લખવાનો પ્રયાસ કરે છે. (સપ્તાહ 9 - દિવસ 2 ની પ્રવૃત્તિ 8 કરાવવી.)

ઉપરોક્ત 7 જૂથમાં વ્યક્તિગત કે સમૂહમાં પ્રવૃત્તિ કરાવ્યા બાદ તે પ્રવૃત્તિનું મૂલ્યાંકન વ્યક્તિગત, સહપાઠી કે તજજ્ઞ દ્વારા કરાવવું, અને તાલીમાર્થીઓના પ્રતિભાવો લેવા.